સહજ-સત્સંગ

અંક : ૨૫૯ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા જુલાઈ : ૨૦૧૦

બુદ્ધ - અવતાર

મા મિરાંબિકા

શરણાર્થી - સંકટ વિમોચિનિ, બાલ-ઇચ્છા સંપૂરિણિ ।
આશ્રિત-જન - સુસંવર્ધિનિ, દર્શનાર્થી-માનસ સુશોધિનિ ॥

પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૧૪ જૂન ૧૯૧૪)

અમારે સાચે જ એક નવી સૃષ્ટિનું નિર્માણ કરવાનું છે. નવી પ્રવૃત્તિઓ સર્જવાની છે, ચેતનાનાં નવાં સ્વરૂપો ઉત્પન્ન કરવાનાં છે. એ પ્રવૃત્તિઓ અને એ ચેતના - રૂપો દ્વારા પૃથ્વીએ આજ સુધી નહિ જાણેલી એવી આ શક્તિ પોતાનો પૂર્ણ આવિર્ભાવ અહીં કરી શકશે. હે પ્રભુ, આ નવી સૃષ્ટિને જન્મ આપવા તેં મને આદેશ આપ્યો છે. એ આદેશ મેં માથે ચડાવ્યો છે.....

..... એ કાર્ય સિદ્ધ કરવા માટે જે સાધન સામગ્રી જોઈએ, જે જ્ઞાન જોઈએ; તે પણ તારે જ મને આપવાનું રહે છે.

પ્રભુ, તારી એ શક્તિનો આવિર્ભાવ કરવાનો જે માર્ગ હોય તેનું અમને જ્ઞાન આપ...

... એ શક્તિ પોતાના આવિર્ભાવમાં વિઘ્નરૂપ થતી સર્વ વસ્તુઓને વીંધી નાખશે, તેમને જીતી લેશે, તેમને પલટી નાંખશે.....

વ્યક્તિગત ચેતનાઓવાળી..... આ સૃષ્ટિઓને તેં વચન આપેલું છે. તારા વચનને સિદ્ધ કરવા માટે સમર્થ એવી વ્યક્તિઓ, એ વચનને સિદ્ધ કરવા માટે જરૂરી સત્તા ધરાવતી એક ચેતના તે આ સૃષ્ટિઓમાં મોકલી છે....

..... અમારી અંદર તારી અને અમારી સંકલ્પ શક્તિઓનું..... એ બેના મિલનમાંથી વિશ્વને પ્રકાશ આપતી જ્યોતિનો સ્ફુલિંગ જન્મ પામશે...

અનુક્રમણિકા

શીર્ષક	પૃષ્ઠ
પ્રાર્થનાઓ અને ધ્યાન (નૂતન સૃષ્ટિ)	૧
દૈનિક જીવનમાં યોગસાધના (૪) (સામૂહિક જીવનમાં વ્યવહાર)	૫
માતૃવાણી (પૂર્ણતાની પ્રાપ્તિ)	૯
ગીતાનિબંધો (સ્વભાવ અને ધર્મ)	૧૨
શ્રી માતાજીની કાર્યશક્તિ	૧૭
સાવિત્રી (કોષોની સાધનાનો પાયો)	૨૦
યોગ વિષે પત્રો (ચૈત્યપુરુષની સાધનામાં ભૂમિકા)	૨૪
ભારતીય સંસ્કૃતિના પાયા (ભારતીય તંત્રનો વિકાસ)	૨૭

શીર્ષક	પૃષ્ઠ
યોગમાર્ગોનો સમન્વય (યોગની પ્રણાલીઓ)	૩૨
સાંજના વાર્તાલાપો (ચેતનાનો વર્ષાવ)	૩૪
સુંદર કથાઓ (પ્રેમનો મહિમા)	૩૫
આગામી-ભાવિ (પ્રભુની મધુરતા)	૩૬
ઉપનિષદોનું અમૃત (મધુવિદ્યા)	૩૭
વેદવિજ્ઞાન (કર્મકાંડ - વૈશ્વદેવયજ્ઞ)	૩૯
જપની આવશ્યકતા	૪૨
સર્વાંગી આરોગ્ય (આપણું સંરક્ષણ કવચ)	૪૪
સાધના કેન્દ્રનો હેતુ	૪૭
કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર	

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

સહજ-સત્સંગ
અંક : ૨૫૯ વર્ષ : ૨૨
જુલાઈ - ૨૦૧૦

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
મો. ૯૮૨૪૩૭૩૯૨૯

સંપાદન સહાયક મંડળ :
હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર** - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી
'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

નૂતન-સૃષ્ટિ

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજીને પોતાની સાથે અવતરેલા અનેક આત્માઓના જીવન-કાર્યની ઝાંખી થઈ રહી છે અને તે જીવન-કાર્ય છે વિજ્ઞાનમય જગતનો, અતિમનસ જગતનો આવિર્ભાવ. હાલમાં મનોમય જગત નિર્માણ થએલું છે અને માનવ પૃથ્વી ઉપરનું શ્રેષ્ઠતમ સર્જન છે. હજી મનોમય જગત પૂર્ણરીતે આવિર્ભાવ પામેલું નથી, પણ તેને પૂર્ણતા બક્ષવાનું કામ પૂર ઝડપે ચાલુ છે. વિજ્ઞાનની અવનવી શોધો અને અધિમાનસિક ક્ષમતાઓ વધારે ને વધારે પ્રગટ થઈ રહી છે.

પણ આ વિકાસની નીચે છૂપી રીતે ભાવિ અતિમનસ-જગતનાં પણ મંડાણ થઈ ચૂક્યાં છે. તે નવા જગતને હવે ભૌતિક જગતમાં આવિર્ભાવ કરવાનું કાર્ય માતાજીને, શ્રી અરવિન્દને અને તેમના સાથી મિત્રોને સોંપેલું છે. મનોમય જગત અહંપ્રધાન છે. વ્યક્તિ-ચેતનાનો તે પૂર્ણ આવિર્ભાવ સ્વરૂપ બની રહેશે. પણ વૈશ્વિક-ચેતના તેની મારફત પ્રગટ થતી નથી. હવે વ્યક્તિ અને વૈશ્વિક ચેતનાનો સામંજસ્યપૂર્ણ આવિર્ભાવ થવાનો છે, તેથી તેમની પ્રવૃત્તિઓ પણ જુદી હશે, ચેતના પણ જુદી હશે.

આ નૂતન કાર્યમાં મહત્ત્વનો ફાળો માતાજીનો રહેવાનો છે. પ્રભુનો તેવો તેમને આદેશ છે. કોષોની સાધના કરી અહંકારને પોષણ આપતાં અવચેતનનો, અચેતનનો નાશ કરી કોષો મારફત પેલી અતિમનસ ચેતનાને પ્રગટાવવાનું મહત્ત્વનું કાર્ય માતાજીને સોંપેલું છે.

એ કોષોની સાધના કરવા માટે તીવ્ર અભીપ્સા, તેથી જન્મતું શુદ્ધ શારીરિક તત્ત્વ, મન અને પ્રાણની દખલગીરીમાંથી મુક્તિ, આ બધી સાધન - સામગ્રી પ્રભુ તેમને આપશે જ એવી માતાજીને નિતાંત શ્રદ્ધા છે.

તેમ જ તે અતિમનસ શક્તિ કોષોનો કબજો લઈ પ્રગટ થાય માટે કોષોની સાધના કેમ કરવી તેનું પણ આંતરિક માર્ગદર્શન પ્રભુ પોતે જ વિવિધ અનુભૂતિઓ દ્વારા તેમને આપવાનાં છે, તેની પણ માતાજીને પૂરેપૂરી ખાતરી છે.

અતિમનસ શક્તિ પોતાના આવિર્ભાવમાં અવરોધક બનતી ઘટનાઓનું ત્રણ

રીતે નિરાકરણ કરે છે :

(૧) તેનો નાશ કરીને (૨) તેને હતબલ કરીને અને (૩) તેનું રૂપાંતર કરીને. અતિમનસ શક્તિ સામે અવચેતનનાં આ બળો ટકી શકતાં જ નથી. તે અવિરોધ્ય શક્તિ છે.

અતિમનસ જગત હાલના મનોમય જગતનો નાશ કરીને કાંઈ પ્રગટ થવાનું નથી, પણ ઉપર જણાવ્યા મુજબ તેનું રૂપાંતર કરીને તેને પોતાના આવિર્ભાવનું સાધન બનાવવાનું છે. પ્રભુએ આ રીતે જ વચન આપેલું છે.

અતિમનસની આ આવિર્ભાવ પ્રક્રિયાને આગળ વધારવા શ્રી અરવિન્દ જેવી ચેતનાને પ્રભુએ ધરાતળે મોકલી છે અને તેમને મદદ કરવા અન્ય પણ અનેક ચેતનાઓએ જન્મ લીધો છે. તેઓ કાર્ય કરી રહ્યાં છે અને નવા આત્માઓ તે માટે જન્મવાનાં પણ છે. આ લોકો પ્રભુના સંકલ્પ સાથે પોતાનો સંકલ્પ એકરૂપ કરશે અને તેથી જ જ્ઞાન, ક્ષમતા અને ચેતના પ્રગટ થશે તે જ જગતને મદદરૂપ બનવાનાં છે.

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર સ્થાપનાદિન ઉત્સવ

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્રના સ્થાપના દિન નિમિત્તે તા.૬ અને ૭ જુલાઈના રોજ ગીતા, ઉપનિષદ અને શ્રી અરવિન્દ જીવનદર્શનના અભ્યાસુ અને ચિંતક શ્રી અનિરુદ્ધભાઈ સ્માર્ત સાથે સત્સંગ સમારોહ યોજ્યો છે, જેનો કેન્દ્રિય વિષય **''અધ્યાત્મ સંશોધન અને પૂર્ણ સાક્ષાત્કાર''** રહેશે.

તા. ૬ જુલાઈ ૨૦૧૦

સમય	:	સવારે	૧૦.૦૦ કલાકે	ધ્યાન - સત્સંગ
	:	સાંજે	૬.૦૦ કલાકે	સત્સંગ

તા. ૭ જુલાઈના રોજ

	:	સવારે	૧૦.૦૦ કલાકે	ધ્યાન - સત્સંગ
	:	સાંજે	૬.૦૦ કલાકે	સત્સંગ થયા બાદ પૂર્ણાહૂતિ

દૈનિક જીવનમાં યોગ (૩)

- જ્યોતિબેન થાનકી

(સામૂહિક જીવનમાં વ્યવહાર)

યોગ એટલે જીવનનો સ્વીકાર. જીવનમાં રહીને, સંસારની વચ્ચે રહીને, સભાનપણે દિવ્ય ચેતના સાથેનું અનુસંધાન કરવું અને એ પરમ ચેતનાને અભિવ્યક્ત કરવી એ છે યોગ. સમાજમાં, કુટુંબમાં રહીને કરવાની આ સાધનામાં ક્ષણેક્ષણની સભાનતાની આવશ્યકતા રહે છે. સમાજમાં, રોજબરોજ આપણે અનેક વ્યક્તિઓ સાથે કામ કરવાનું રહે છે. અનેક પ્રકારના સ્વભાવવાળા લોકો સાથે સુમેળમાં કેવી રીતે રહેવું ? આપણા લક્ષ્યમાંથી ચલિત થયા વગર રોજિંદો વ્યવહાર કેવી રીતે કરવો ? આપણે જેમના સંપર્કમાં રહેતાં હોઈએ, એ વ્યક્તિઓ તરફથી આપણા ધ્યેયમાંથી ચ્યૂત કરવા અનેક પ્રયત્નો અને સૂચનો થતાં રહેતાં હોય, ત્યારે સભાનપણે સ્થિરતા જાળવી કેવી રીતે અચલ રહેવું ! આ બધા પ્રશ્નોનો સામનો જ્યારે સંસારની વચ્ચે રહીને સાધના કરવા મનુષ્ય પ્રવૃત્ત થાય છે, ત્યારે તેને કરવો પડે છે. શ્રી માતાજીએ વાર્તાલાપો દ્વારા આવા બધા પ્રશ્નોનું નિરાકરણ આપ્યું છે, તે વિષે આપણે જોઈશું.

બીજા લોકો સાથે સુમેળમાં કામ કેવી રીતે કરવું ?

વ્યવહારમાં આપણે બીજા લોકો સાથે કામ કરવાનું હોય છે, ત્યારે ઘણી વખત સહકારને બદલે વિરોધ અને સુમેળને બદલે મતભેદો જ સર્જાતા હોય છે. પરિણામે કામ સારી રીતે, સમન્વયપૂર્વક થતું નથી. તો આ સંજોગોમાં શું કરવું જોઈએ ? એ અંગે માર્ગદર્શન આપતાં શ્રી માતાજી કહે છે કે ‘‘કોઈ વસ્તુ અંગે મતભેદ પડે, અમુક નિર્ણય લેવાનો હોય કે અમુક કામ પાર પાડવાનું હોય; ત્યારે વ્યક્તિએ પોતાના જ દૃષ્ટિબિન્દુને વળગી રહેવાનો પ્રયત્ન ન કરવો જોઈએ. તેની જગ્યાએ સામા માણસના દૃષ્ટિબિન્દુને સમજવા પ્રયત્ન કરવો જોઈએ. વ્યક્તિએ પોતાની જાતને સામેની વ્યક્તિની જગ્યાએ મૂકીને વિચાર કરવો જોઈએ. એવે વખતે લડાઈ ઝગડા કે ટંટાફિસાદ કરવાને બદલે કંઈક એવો ઉકેલ શોધવો જોઈએ કે જેથી બંને પક્ષને સંતોષ મળી રહે. જેનું મન શુભ નિષ્ઠાવાળું છે, તેમને હંમેશા ઉકેલ મળી જ આવે છે.

કાર્ય બરોબર ન કરનારા ઉદ્ધત માણસોને કાઢી મૂકી શકાય ?

સમાજમાં કે પરિવારમાં એકબીજાની સાથે સામંજસ્યથી કામ કરવાનું રહે છે પણ ઘણી વખત કોઈ જિદ્દી ઉદ્ધત મનુષ્ય કે કુટુંબીજન સાથે કામ કરવાનું થાય છે, ત્યારે ખૂબ જ તકલીફ પડે છે. આથી કાંતો એને કાઢી મૂકવામાં આવે છે, અથવા તો સજા કરવામાં આવે છે. આ સંદર્ભમાં શ્રી માતાજીનું માર્ગદર્શન જુદા જ પ્રકારનું છે. તેઓ જણાવે છે કે ''માણસે હંમેશા સહાનુભૂતિવાળી દૃષ્ટિ રાખવી જોઈએ. સાથીદારો સાથે સહકારથી વર્તન કરવું જોઈએ. તેમનો તિરસ્કાર કે ઉપેક્ષા કરવા કરતાં એમનું યોગ્ય ઘડતર કરવામાં મદદ કરવી જોઈએ. કોઈનામાં ખામી હોય, કોઈ વધારે પડતું સંવેદનશીલ હોય, કોઈ જિદ્દી હોય કે કોઈ ઉગ્ર સ્વભાવનું હોય અને તેથી જો તમે એને કાઢી મૂકો તો તમે એને ક્યારેય સુધારી શકશો નહીં. એ તો એના અહંકાર ઉપર તમારો અહંકાર લાદવાની પ્રક્રિયા થઈ ગણાય. તમે એ પ્રક્રિયાને અનુસરો નહીં, પણ એ માણસની પ્રકૃતિ અનુસાર એને મૃદુતાથી સમજપૂર્વક માર્ગદર્શન આપો. અને જો એને બીજા માણસો સાથે વારંવાર સંઘર્ષ થતો હોય તો તમે તપાસ કરીને તેને એવી જગ્યાએ મૂકી આપો કે જ્યાં તે બીજા માણસો સાથે સંઘર્ષમાં ઊતર્યા વગર કાર્ય કરી શકે.''

શ્રી માતાજી શિક્ષા કે સજા કરવાની ના પાડતાં કહે છે કે ''બદલાનો અને શિક્ષાનો ખ્યાલ એ કેવળ મનુષ્યનો ખ્યાલ છે. આ જગત ઉપર જે ચેતના રાજ્ય કરે છે, એણે જો શિક્ષા અને બદલાના મનુષ્યના ખ્યાલ પ્રમાણે કાર્ય કર્યું હોત તો મનુષ્યનું અસ્તિત્વ જ ન રહ્યું હોત.'' શિક્ષા નહીં પણ સમજણથી ઉદ્ધત વ્યક્તિનું આંતરપરિવર્તન કરી તેને તેની નિમ્ન પ્રકૃતિની પક્કડમાંથી મુક્ત થવામાં મદદરૂપ થવું જોઈએ. શિક્ષા અને સજા કે કાઢી મૂકવાથી કે વારંવાર ઠપકો આપવાથી તો એ મનુષ્ય વધારે ઉદ્ધત અને જિદ્દી બનશે, પણ સહાનુભૂતિ, ઉદારતા અને પ્રેમથી આવી વ્યક્તિઓનાં જીવનમાં જરૂર બદલાવ લાવી શકાય છે.

બીજા લોકો આપણી રીતે કામ કરતા નથી તો શું કરવું ?

દૈનિક જીવનમાં જ્યારે સામૂહિક કામ કરવાનાં હોય છે, પછી તે પરિવારમાં હોય, કોઈ સંસ્થામાં હોય કે ઑફિસમાં હોય; ત્યારે મોટાભાગનાં લોકોનો અનુભવ એવો હોય છે કે તેમણે જે પ્રમાણે કામ કરવા કહ્યું હોય, એ પ્રમાણે કામ થતું હોતું નથી. કંઈક જુદી જ રીતે એ કામ કરવામાં આવ્યું હોય છે. ત્યારે પરિવારના વડીલ, કે અધિકારીને ગુસ્સો આવે છે, ઉગ્ર બની જાય છે. ઠપકો

આપવા લાગે છે; એથી એનું મન તો ખિન્ન થઈ જાય છે, પરંતુ પોતાની રીતે કામ કરનારું દિલ પણ ભાંગી જાય છે અને ઉત્સાહ ઓસરી જાય છે. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે; ''તમે શા માટે ઇચ્છો છો કે બીજાઓ તમારી જેમ જ કાર્ય કરે અને તમારા જેવા બને ? ભલે તમારું સત્ય એમના સત્ય કરતાં મહાન હોય, જો કે આ શબ્દોનો કશો અર્થ નથી. બધાં જ સત્યો સત્ય છે અને તે બધાં આંશિક છે. જે ક્ષણે તમારું સત્ય તમારાં પાડોશીના સત્ય કરતાં વધારે મહાન છે, એમ તમે માનો છો; એ જ ક્ષણે તમે સત્યથી દૂર ચાલ્યા જવાની શરૂઆત કરો છો. દરેક જણને પોતાની રીતે વિચારવાની, લાગણીઓ અનુભવવાની, અને પ્રતિક્રિયાઓ કરવાની છૂટ હોવી જોઈએ. હું કરું તે બીજા કરે અને તે જ રીતે કરે એવી જ લાગણી બધા અનુભવે તો તો એક ભયંકર એકરૂપતા બની જાય.'' આ રીતે શ્રી માતાજી આપણને સમજાવતા કહે છે કે દરેકને પોતાની રીતે કાર્ય કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ. દરેક મનુષ્ય પોતાની ચેતનાની સર્વોચ્ચ સપાટી પર રહીને કાર્ય કરી શકે એવું તેને વાતાવરણ મળવું જોઈએ.

બીજા લોકોની ટીકાઓનો ભય લાગે છે :

સામૂહિક જીવનમાં મનુષ્ય હંમેશા બીજાઓના અભિપ્રાયોને ધ્યાનમાં લેતો હોય છે. આ કામ મારાથી સારું નહીં થાય તો બીજાઓ શું કહેશે ? મને સફળતા નહીં મળે તો ઘરનાં લોકો કહેશે કે આટલી યે આવડત નથી. બધાં ટીકા કરશે તો હું શું મોઢું બતાવીશ ? આ રીતે વ્યક્તિના મનમાં બીજાઓના અભિપ્રાયો વિષે સતત વિચારો ચાલ્યા કરતા હોય છે. પરિણામે તેની સ્વસ્થતા, શાંતિ ચાલ્યાં જાય છે. પછી મનની એવી અજંપ સ્થિતિમાં જે કાર્યો થાય છે, એમાં સફળતા મળતી નથી. એટલે વધુ ટીકાઓનો ભોગ બને છે. આ વિષચક્ર પછી વ્યક્તિને હતાશાની ગર્તામાં ધકેલી દે છે. આથી બીજાઓનાં અભિપ્રાયો બીજાંઓ પોતાનાં વિષે શું ધારે છે, એ વિચારવામાં શક્તિઓને વેડફવા કરતાં પોતાનાં કાર્યમાં એકાગ્ર થવું જોઈએ તો એ કાર્ય સફળ બને છે. આ સંદર્ભમાં શ્રી માતાજી કહે છે કે, ''બીજાઓ તમારા માટે જે કંઈ બોલે, વિચારે તેનાથી દુઃખી થવું એ એક નબળાઈની નિશાની છે. લોકોના અભિપ્રાયો અને પ્રત્યાઘાતો પછી ભલે તે ગમે તેટલા અણગમતા હોય, છતાં તમારે તેની ચિંતા ન કરવી. બીજાઓથી ડરતાં રહેવું, તેનો અર્થ એ કે બીજાઓ તમારા વિષે કેવો અભિપ્રાય આપે છે, તેને તમે વધારે અગત્ય આપો છો, નહિ કે તમારા કાર્યની સચ્ચાઈને.''

મનુષ્યે પોતાના અંતરાત્માને વફાદાર રહેવાનું છે. બીજાઓની ટીકાથી વ્યગ્ર

બનીને કામ કરવાનું છોડી દે, તો તે પોતાની આંતરચેતનાથી દૂર સરી જશે. શ્રી માતાજી કહે છે કે ''બીજાંઓ શું કહે છે, એનાથી તમે બિલકુલ વ્યગ્ર ન બનો. કોઈની ટીકા ન કરો, કોઈ સાથે સરખામણી ન કરો, કોઈનો ન્યાય ન તોળો.''

સમાજમાં, પરિવારમાં, બધા લોકો માન આપે, આપણને ચાહે, કોઈ આપણું ખરાબ ન બોલે, એવું જો આપણે ઇચ્છતાં હોઈએ તો શ્રી માતાજીએ આપેલાં નીચેનાં ત્રણ સોનેરી સૂત્રોનું જીવનમાં પાલન કરવું જોઈએ :

૧ ''જો તમે એવું ઈચ્છતા હો કે કોઈ તમારી મજાક મશ્કરી ન કરે, તો તમારે પણ કોઈની કદી પણ મજાક ઉડાવવી નહીં.

૨ જો તમે એવું ઈચ્છતા હો કે બીજાઓ પણ તમને માન આપે તો તમારે પણ સહુને ચાહવા જોઈએ.

૩ જો તમારી એવી ઈચ્છા હોય કે સહુ કોઈ તમને ચાહે તો તમારે પણ સહુને ચાહવા જોઈએ.''

આપણે જો આ સૂત્રોને જીવનમાં અપનાવીએ તો સામૂહિક જીવનમાં ઉદ્‌ભવતી સમસ્યાઓ આપોઆપ શમી જાય અને વૈયક્તિક રીતે દૈનંદિન જીવન વ્યવહાર પણ મધુર બની જાય.

(પૃ.૪૧ ઉપરથી)

વેદ વિજ્ઞાન

ૐ ઉદ્‌બુધ્યસ્વાગ્ને પ્રતિજાગૃહિ ત્વમ્ ઈષ્ટાપૂર્તે સંગ્વસૃજેથા મયં ચ।
અસ્મિન્સધસ્થે અધ્યુત્તરસ્મિન્ વિશ્વેદેવોઃ યજમાનશ્ચ સીદત॥

(યજુ. ૧૫-૫૪)

હે ચૈત્યપુરુષરૂપી અગ્નિ જાગૃત થાઓ (ઉદ્‌બુધ્યસ્વ). શરીરનાં બધાં જ ક્ષેત્રોમાં જાગૃત થાઓ (પ્રતિ-જાગૃહિ). મારી પોતાની સાધનાને અનુકૂળ (ઇષ્ટ) અને અન્યોની સાધનાને મદદરૂપ (આપૂર્તે) એવા દિવ્ય-કર્મોની પ્રેરણા આપી પોતાના યોગ્ય દિવ્ય સ્વરૂપની નવરચના (સંગ્વસૃજેથા) મારા શરીરમાં કરો (મયં) અને (ચ) આવી રીતે અમારા બધા સાધક ઋત્વિજોરૂપી યજ્ઞકર્તાઓમાં રહીને (અસ્મિન્‌સધસ્થે) તેમ જ અમારા સ્વરૂપોનાં ઊર્ધ્વમાં રહીને (અધ્યુત્તરસ્મિન્) યશસ્વી રીતે અવતરણનું કાર્ય પાર પાડ્યું માટે આ વિશ્વદેવો સ્વરૂપ વિશ્વશક્તિઓને (દેવો) તેમ જ જેમના માટે અમે આ યજ્ઞ કરી રહ્યાં છીએ; તે યજમાનને (યજમાનશ્ચ) તેમની અપેક્ષા મુજબ સંતુષ્ટ કરો (સીદત્). (ક્રમશઃ)

માતૃવાણી

- શ્રી માતાજી

પૂર્ણતાની પ્રાપ્તિ

અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૧૮-૨૧)

૧ પૂર્ણતા પણ શિરોબિંદુ નથી..... તમે જે કર્યું હોય છે તેથી વધુ સારું કરવાની શક્યતા હંમેશા રહે જ છે..... આ વધુ સારું કરવાની શક્યતા એ જ પ્રગતિનો સાચો અર્થ છે. પૃ.૧૮

૨ એમ ન કહેવાય કે પ્રગતિ અને પૂર્ણતા એ બન્ને એક જ વસ્તુ છે. પ્રગતિ..... એક આરોહણ છે. પૂર્ણતા એક સંવાદિતા, સમતુલા છે. પૃ.૧૯

૩ પૂર્ણતાનો સંકલ્પ એ એક એવી વસ્તુ છે જે આપણી પાસે ભાગવત ચેતનામાંથી એક પછી એક ભૂમિકામાં થઈને ઉતરી આવે છે અને ત્યારે આપણે એક પછી એક ભૂમિકાઓ પ્રત્યે પાછું આરોહણ કરીએ છીએ..... જ્યારે પ્રકૃતિ પોતે જે શરૂ કર્યું છે તેનો ફરીથી નાશ ન કરવાની સ્થિતિમાં પહોંચશે ત્યારે જ પૂર્ણતા આવશે. પૃ.૧૯

૪ પૂર્ણતા એ એક એવી વિકાસશીલ સમતુલા છે જેમાં વ્યક્તિ એક પૂર્ણતામાંથી બીજી પૂર્ણતામાં જઈ શકે છે. પૃ.૨૦

૫ જ્યારે હરેક પળે આપણી ગ્રહણશક્તિ..... જે શક્તિ આવિર્ભાવ પામવા માગે છે તેના જેટલી જ ગુણવત્તા અને પ્રમાણવાળી બની રહેતી થશે, ત્યારે જ વ્યક્તિ, સમૂહ, પૃથ્વી અને વિશ્વની પૂર્ણતા સિદ્ધ થશે.પૃ.૨૦

૬ તમે પૂરેપૂરા સત્યનિષ્ઠ હશો તો પછી આખી દુનિયા તમારા માટે એક યા બીજી રીતની માન્યતા સેવે એ બધું જ તમારા માટે તો એક સરખું જ છે. પૃ.૨૧

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજી એપ્રિલ ૧૯૫૦નું બુલેટિનમાંથી પૂર્ણતા વિષે વાંચી રહ્યાં છે :

''આપણી ખોજ સફળતા માટે નથી; આપણું ધ્યેય પૂર્ણતા છે. આપણે મોટાઈ કે કીર્તિ ઝંખતા નથી. આપણે આપણી જાતને એક દિવ્ય આવિર્ભાવ માટે તૈયાર કરવા માગીએ છીએ.''

આ પૂર્ણતા શું છે, તે તમે જાણો છો?

ઘણા લોકો માને છે કે પૂર્ણતા એ અંતિમ બિંદુ છે તે પછી આગળ કાંઈ નથી. પણ તે વાસ્તવિકતા નથી, પૂર્ણતાના પણ એકની ઉપર એક પૂર્ણતાના એવા અનંત સ્તરો છે. એક પૂર્ણતાથી બીજી વધારે વિશાળ પૂર્ણતા તરફનો પ્રવાસ એ જ વિકાસ અને પ્રગતિ છે. પ્રગતિને કોઈ અંત જ નથી. તે અનંત છે કારણ પ્રભુ પોતે જ અનંત છે. પ્રભુની પ્રાપ્તિ એ જ જીવનનું ધ્યેય છે, પ્રભુની પ્રાપ્તિ આપણામાં દિવ્યતાના આવિર્ભાવ સ્વરૂપે થાય છે.

પણ પૂર્ણતા અને પ્રગતિ એક જ વસ્તુ નથી. પ્રગતિમાં ઊર્ધ્વ આરોહણ હોય છે. આપણે એક કક્ષાથી તેથી પણ ઊર્ધ્વમાં રહેલ કક્ષામાં પહોંચીએ છીએ.

બીજી બાજુ પૂર્ણતા એક સંવાદિતા છે. તેમાં સમકક્ષ અથવા ઊર્ધ્વ નિમ્ન કક્ષાની વસ્તુઓમાં સમન્વય સધાય છે. સમગ્રતા નિર્માણ કરાય છે. બીજા શબ્દોમાં કહીએ તો સમતુલા નિર્માણ કરાય છે.

''સમતુલા એ ભૌતિક વિજ્ઞાનનો શબ્દ છે, કોઈ તેનો અર્થ કહેશે?''

''માતાજી ત્રાજવાનાં બન્ને પલડાં સમકક્ષ થાય તેને સમતુલા કહે છે.''

''બરાબર, તો પછી એ રીતે પૂર્ણતાનો અર્થ શું?''

''માતાજી, વિરોધી તત્ત્વનાં વિરોધને જીતી તેની સાથે પોતાના પતન વગર ગોઠવી લેવું અર્થાત્ તેની ઉપર વિજય મેળવવો એવો અર્થ થઈ શકે?''

''હા, હું થોડીક બીજી રીતે મૂકું છું. ભાગવત્ ચેતનામાં પૂર્ણતાનો સંકલ્પ રહેલ છે. તે નીચે આપણામાં અવતરણ પામે છે અને તેથી આપણે એક પછી એક ભૂમિકામાં આરોહણ કરીએ છીએ પણ તેથી નિમ્નભૂમિકાને ત્યાગતા નથી, પણ તેનું સારભૂત તત્ત્વ સાથે લઈને જ ઊર્ધ્વ ગતિ પ્રાપ્ત કરીએ છીએ. તેમાં નિમ્ન કક્ષાનો નાશ હોતો નથી, પણ તેનો સારગ્રહણ હોય છે. પૂર્ણતામાં વિનાશ હોતો નથી. જ્યાં વિનાશ ત્યાં પૂર્ણતા હોતી નથી. વિનાશ એ અપૂર્ણતાની નિશાની છે. વિસંવાદની નિશાની છે. જ્યાં વિસંવાદ અને સંઘર્ષ હોય ત્યાં પૂર્ણતા હોઈ જ શકતી નથી.''

પ્રકૃતિ અનેક પ્રયોગો કરતી હોય છે અને તેના પ્રયોગો નિષ્ફળ જતાં તેનો નાશ પણ કરે છે. આ પ્રકૃતિની પૂર્ણતાની નહિ પણ અપૂર્ણતાની નિશાની છે. તેને પૂર્ણતાની ઝાંખી થએલી હોય છે. પણ તેવી રચના કરવામાં હજી તે નિષ્ફળ જાય છે, એવો જ તેનો અર્થ છે. અર્થાત્ પૂર્ણતા પ્રાપ્ત કરવાનું તેને હજી જ્ઞાન નથી.

અજ્ઞાન છે, પૂર્ણતામાં અજ્ઞાન પણ રહી શકતું નથી.

‘‘માતાજી, આપણું ધ્યેય સફળતા નથી, પણ શું સફળતા એ પૂર્ણતા તરફનું એક કદમ નથી? સામાન્ય માનવ-બુદ્ધિને તેમ જ લાગે છે પણ ખરેખર તેવું નથી ?’’

‘‘ ઉપર જણાવ્યા મુજબ પૂર્ણતા એક સમતુલા છે, પણ તે સમતુલા પણ અચળ સ્થિર અવસ્થા નથી પણ વિકસનશીલ અવસ્થા છે. તેમાં એક પૂર્ણતામાંથી બીજીમાં આરોહણ થાય છે, સતત આરોહણ જ હોય છે. પણ વાસ્તવિક જીવનમાં આ અનંત પ્રક્રિયાનાં આપણે તબક્કા પાડીએ છીએ અને એક તબક્કાને તેની પૂર્ણતા કહીએ છીએ. એક તબક્કા પછી બીજો તબક્કો શરૂ થતાં પહેલા અમુક કાળ માટે આ જે સ્થગિતતાનો ગાળો આવે છે તેથી એક પૂર્ણતા પૂરી થઈ એવો આભાસ રચાય છે. ખરેખર તે વખતે મેળવેલ તબક્કાનું સારગ્રહણ કરવાની પ્રક્રિયા ચાલતી હોય છે.

‘‘ માતાજી, ભગવાનને આપણે સર્વે સ્વરૂપોમાં વાસ્તવિક કરવા શું એ પૂર્ણતા નથી?’’

‘‘ના, બેટા, તે પ્રગતિનું એક સોપાન માત્ર છે. કારણ ભગવાન તો અસીમ છે અને આપણું સ્વરૂપ સીમિત. તે પોતાની ક્ષમતા અને વિશેષતા અનુસાર જ પ્રભુને અંશતઃ પ્રગટ કરી શકે છે, પૂર્ણરૂપે નહિ. તેથી તે પૂર્ણતાની વ્યાખ્યા ન ગણી શકાય.’’

માતાજી લેખનો આગળનો ભાગ વાંચે છે, ‘‘સારા બનવું એટલે.... આપણા સર્વ વિચારોમાં, આપણી સર્વે લાગણીઓમાં, આપણા સર્વ સંવેદનોમાં, આપણી સર્વ ક્રિયામાં, આપણે આપણા જીવનનાં કેન્દ્રસ્થ સત્ય સિવાય અન્ય કાંઈ અભિવ્યક્ત ન કરવું.’’

ચૈત્યપુરુષ જ આપણું કેન્દ્રસ્થ સત્ય છે.

સમગ્ર જીવનની બધી જ ક્રિયાઓમાં આપણે ફક્ત તેને જ અભિવ્યક્ત કરતાં શીખવું પડશે. અહંકાર અને તેની અભિવ્યક્તિઓને નહિ. આને સારા ગણે તેવી અપેક્ષા પણ રાખો નહિ. સારું દેખાવું મહત્ત્વનું નથી. સારું બનવું મહત્ત્વનું છે. જીવન ઉપર જણાવ્યા મુજબ કેન્દ્રસ્થ સત્યને જાણવા અને તેને પ્રગટ કરવા માટે જ છે.

પણ માણસ સતત પોતે સત્યનિષ્ઠ છે એમ કહી પોતાને જ ફસાવતો હોય છે, તે તેનું અજ્ઞાન હોય છે.

ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

સ્વભાવ અને સ્વધર્મ

(પૃ.૫૬૬-૫૮૩)

અવતરણો - પ્રકરણ - ૧૮

૧ શાસ્ત્ર એટલે જીવન ગાળવાની પ્રમાણભૂત બનેલી વિદ્યા અને કલા. પૃ.૫૬૬

૨ શાસ્ત્રની પદ્ધતિ નિશ્ચિત થઈ ચૂકેલા ધર્મોની છે, જ્યારે આધ્યાત્મિક માણસે આત્માની સ્વતંત્રતામાં જીવતાં શીખવાનું છે. પૃ.૫૭૦

૩ જો માણસની પ્રકૃતિ મૂળથી જ સાત્ત્વિક હશે અને એનામાં સાત્ત્વિક શ્રદ્ધા જાગૃત થઈને તેના દ્વારા દિશાસૂચન થયું હશે તો તે માણસ સત્ત્વથી પણ વધારે ઉચ્ચ, પરંતુ અત્યાર સુધી અપ્રાપ્ત, એવા આદર્શ નિયમની સમીપ પહોંચી જઈ શકશે.પૃ.૫૭૧

૪ શ્રદ્ધા પણ આપણી અંદર ત્રિવિધ હોય છે. ''શ્રદ્ધામયોયં પુરુષો'' (માનવ માત્રમાં શ્રદ્ધા છે) જેવી શ્રદ્ધા તેવો જ તે હોય છે (યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ - ૧૭.૩) પૃ.૫૭૨

૫ આપણી વ્યક્તિતા..... એટલામાં જ એનું સંપૂર્ણ સત્ય આવી જતું નથી.પૃ.૫૭૨

૬ આપણો પ્રયત્ન દિવ્ય બનવાનો છે, પ્રભુ જેવો છે તેવા થવાનો છે (મદ્‌ભાવ ૪.૧૦). પૃ.૫૭૩

૭ આપણું જે 'કર્તવ્યં કર્મ' - આવશ્યક કર્મ છે તેનાં ત્રણ મુખ્ય તત્ત્વો ગીતા ગણાવે છે..... યજ્ઞ, દાન અને તપ. પૃ.૫૭૪-૭૫

૮ ૐ તત્ સત્ એ બ્રહ્મની ત્રિપુટ વ્યાખ્યા છે.પૃ.૫૮૨

સમજૂતી - માનસિંહ ચાવડા

આત્માના, ચેતનાના વિકાસ માટે કર્મો કરવાનાં હોય છે, તે માટે જરૂરી કર્મોને 'કર્તવ્યં કર્મ' કહેવામાં આવે છે. આવાં જે કર્મો કરવાનાં હોય છે, તે ત્રણ સ્વરૂપો ધારણ કરે છે. પરંપરાગત રીતે તેમને દાન, યજ્ઞ અને તપ કહેવામાં આવે છે, પણ

તેમનો અર્થ સામાન્ય વ્યવહારમાં લેવાતો હોય છે તેવો નથી. પોતાની વ્યક્તિ-ચેતનાને વૈશ્વિક-ચેતના અને પરમ-પ્રભુના આવિર્ભાવ માટે સમર્પિત કરવી આ આત્મદાન રૂપ ક્રિયા જ અહીં 'દાન' શબ્દથી અભિપ્રેત છે તેમ જ 'તપ' એટલે પંચાગ્નિ સાધન, વ્રત, ઉપવાસ વગેરે શારીરિક તપ એવો અર્થ નથી પણ પોતાની દિવ્ય-સંકલ્પશક્તિને પ્રભુના કાર્યમાં જોતરી નિષ્ઠાથી તે કાર્ય કરતાં રહેવારૂપ તે તપસ્-શક્તિ છે. તેમાં અવરોધોને સમતાથી લેવા અને ખંતથી નિરાશ કે અવસાદ પામ્યા વગર, ઉત્સાહથી જરૂરી કર્મો કરતાં રહેવાં તેનો સમાવેશ થાય છે. તે માટે જ કર્મફળની અપેક્ષાનો ત્યાગ કરવા કહ્યું છે. પ્રભુને જીવન દ્વારા પ્રગટ કરવા એ જ યજ્ઞ - ક્રિયા છે.

પ્રભુનું કાર્ય એટલે આપણા ચૈત્યપુરુષે આ જન્મે જે સ્વરૂપના વિકાસને ઉપયોગી એવાં કર્મો. તેવાં કર્મો એ જ તેનાં 'સ્વભાવજં કર્મ' પણ બની જાય છે. તે જ 'નીયતં કર્મ' અને 'સહજં કર્મ' બની જાય છે. આવો સહજ અને સાચો 'સ્વધર્મ' છોડીને અન્ય આદર્શોને અનુસરવા એ 'પરધર્મ'ને અનુસરવા બરોબર છે. આવો પરધર્મ આપણી ચેતનાનાં વિકાસમાં અવરોધો નિર્માણ કરે છે અથવા તેને વિલંબિત કરે છે.

આવો સ્વધર્મ એ કર્મ કરવાની આંતરિક-ભૂમિકા સ્વરૂપ અથવા કર્મ પ્રત્યેની નિષ્ઠા-સ્વરૂપ હોય છે. તે કર્મના આંતરિક સ્વરૂપની રચના કરે છે. બાહ્ય સ્વરૂપ ગીતાની દૃષ્ટિએ ચાતુર્વર્ણ્ય મુજબ નિશ્ચિત થાય છે. પણ આ ચાતુર્વર્ણ્ય પણ પુરાતનકાળમાં પ્રકૃતિનાં ગુણવિશેષોના આધારે નિશ્ચિત થતાં હતાં. પણ જેની પ્રકૃતિમાં ખાસ કોઈ ગુણવિશેષ ન હોય તો તે કર્મને સમાજે આપેલા સ્વરૂપને જ સ્વીકારી લેવામાં આવતું હતું. આ રીતે પ્રકૃતિના ગુણો અને કર્મનો સામાજિક દરજ્જો આ બેના આધારે કર્મનું આંતરિક અને બાહ્ય સ્વરૂપ રચાતું હતું. (ચાતુર્વણ્યં મયા સૃષ્ટં ગુણકર્મ વિભાગશઃ ૪-૧૩)

આત્મતત્ત્વ પ્રકૃતિદ્વારા ચાર સ્વરૂપે પ્રગટ થાય છે. તે રીતે એ જ તેનો 'સ્વભાવ' બની જાય છે. શમ, દમ, તપ, શૌચ, શાંતિ, ઋજુતા, જ્ઞાન અને સત્યનો આગ્રહ એ બ્રાહ્મણ સ્વભાવની વિશેષતાઓ છે. શૌર્ય, તેજ, ધૃતિ, દૃઢનિશ્ચય, દક્ષતા, દાન અને અધિકાર (ઈશ્વરભાવ) એ ક્ષત્રિય પ્રકૃતિની વિશેષતા છે, ખેતી, ગૌરક્ષા, વેપાર, કલાકસબ એ વૈશ્ય પ્રકૃતિનો સ્વભાવ છે અને સેવા એ શૂદ્ર પ્રકૃતિનો સ્વભાવ છે.

આવા દરેકના 'સ્વભાવનિયતં' કર્મ (૧૮.૪૭) દરેકે પ્રભુની ભક્તિ અને પૂજા સ્વરૂપે કરવાનાં હોય છે અને તેનાં ફળ પ્રભુને જ અર્પણ કરી દેવાનાં છે.

ગીતાનાં કાળમાં નિર્જીવ અને વારસાગત એવી જ્ઞાતિ પ્રથા નહોતી. પણ સમાજનાં ચાર પ્રમુખ કાર્યો પ્રકૃતિનાં ગુણવિશેષ ધ્યાનમાં લઈ તે મુજબ શ્રમવિભાગનો તે પ્રયત્ન હતો.

પ્રકૃતિના ગુણવિશેષાનુસાર કર્મોને ગીતા સહજં કર્મ (૧૮.૪૮) કહે છે પણ તેથી પણ વધારે ઊંડો અર્થ ગીતાને હજી અભિપ્રેત છે. સહજં એટલે સાથે જન્મેલું કર્મ. માનવ તરીકે ચૈત્યપુરુષ જન્મ લે છે, ત્યારે તેની સાથે તેનો પોતાનો ખાસ સંકલ્પ પણ તેણે ધારણ કરેલો હોય છે. તે અનુસાર જ તે પ્રગતિ કરે છે અને તે પ્રગતિને માટે જરૂરી અનુરૂપ કર્મો કરે છે. આવા કર્મોને જ સહજં કર્મ કહેવાય છે, કારણ તે જન્મ સાથે જ નિર્માણ થએલ સંકલ્પ ઉપર આધારિત કર્મો હોય છે.

આવી રીતે પોતાના નિશ્ચિત કર્મો નક્કી કરવાનાં ત્રણ સિદ્ધાંતો માન્ય થાય છે :

૧ સર્વ કર્મો ચૈત્યપુરુષનાં વિકાસનાં સંકલ્પમાંથી જ નિર્માણ થાય છે, તે તેના પ્રકૃતિની સ્વાભાવિક શક્તિસ્વરૂપ હોય છે.

૨ પ્રકૃતિ પણ તે મુજબની જ ચૈત્યપુરુષે ધારણ કરેલી હોય છે તેથી તેની પ્રકૃતિમાં પણ તે મુજબનાં કર્મો કરવાની ક્ષમતા હોય છે અને તેથી તે વલણ સમાજમાંનાં તેને અનુરૂપ સ્વરૂપનાં કર્મ તરફ તેને દોરી જાય છે.

૩ આવી રીતે કર્મ ચૈત્યપુરુષના સ્વધર્મ અનુસારનું હશે અને પ્રકૃતિના ગુણવિશેષ અનુસારનું હશે તો પણ તે કર્મને ઈશ્વરની સેવા અને ભક્તિરૂપે કરવાથી તે તે વ્યક્તિને આધ્યાત્મિક મુક્તિ અને પૂર્ણતા પ્રાપ્ત કરવાનું ઉત્તમ સાધન બની જાય છે.

આવી રીતે કર્મને સાધન તરીકે વાપરવાથી નીચેની આધ્યાત્મિક મુક્તિ અને પૂર્ણતા પ્રાપ્ત થાય છે. તેનું કારણ એ છે કે કર્મોનું જન્મસ્થાન જ પ્રભુ પોતે છે અને પ્રભુ સર્વમાં વ્યાપેલાં છે તેથી તેવાં કર્મો સર્વત્ર આધ્યાત્મિક પ્રગતિ જ કરાવે છે. (યતઃ પ્રવૃત્તિર્ભૂતાનાં યેન સર્વમિદં તત્દમ્ ૧૮.૪૬) આધ્યાત્મિક મુક્તિ અને પૂર્ણતાનું સ્વરૂપ નીચે મુજબનું છે :

૧ આપણા અંતરમાં રહેલ અને જગતમાં રહેલ વાસુદેવ કર્મો દ્વારા પ્રગટ થાય છે.

૨ વિશ્વરૂપ આત્મા સાથે એકરૂપતા સધાય છે.

૩ પ્રભુની ચેતના, જ્ઞાન, સંકલ્પ, પ્રેમ, આનંદ જેવી શક્તિઓ પ્રગટ થાય છે, જે પ્રભુ સાથેની એકરૂપતા સાધવા મદદરૂપ પણ બને છે.

૪ દિવ્ય-પ્રકૃતિમાં ચેતના આરોહણ કરે છે. ત્યાં જીવન ધારણ કરે છે.

૫ વ્યક્તિગત નબળાઈઓ અને સ્ખલનોમાંથી મુક્તિ મળે છે.

૬ દિવ્ય-શક્તિનાં સચેતન કરણ બનવાની ક્ષમતા વિકસે છે.

હાલમાં આવી આધ્યાત્મિક પૂર્ણતા નથી, કારણ આપણે અજ્ઞાનથી ઘેરાએલાં છીએ. પણ આ અવસ્થામાં પણ આપણા સ્વાભાવિક કર્મો દ્વારા અજાણતાં જ આપણો 'સ્વધર્મ' આપણને યાંત્રિક રીતે ઘડવા પ્રયત્ન કરી જ રહ્યો છે.

આપણી દિવ્ય-પ્રકૃતિનો જ એક અંશ આપણા ચૈત્યપુરુષ તરીકે સાકાર થએલો છે (પરા પ્રકૃતિર્જીવભૂતાઃ ૭.૫) તે આપણા અસ્તિવનું સહુથી વધુ મૌલિક તત્ત્વ છે અને તે જ આપણને પૂર્ણતા પ્રત્યે દોરી જતું હોય છે. તે જ આપણો 'સ્વધર્મ' નક્કી કરે છે.

આપણો સ્વધર્મ સદા સચવાઈ રહે તે માટે આપણે બાહ્ય પરિસ્થિતિ સાથે એવી રીતે અનુકૂળ બની રહેવું પડે છે કે તે આત્માને પોતાના અખંડ - વિકાસમાં અવરોધરૂપ ન બને અને પ્રકૃતિને પોતાના ગુણવિશેષાનુસાર કર્મો કરવામાં વિઘ્નો નિર્માણ ન કરે. સ્વધર્મ ન સચવાય તો તે મહા વિનાશ 'વિનષ્ટિ' બની જાય છે.

આપણે આત્મજ્ઞાન જેટલા ઝડપથી પ્રાપ્ત કરશું, તેટલા પ્રમાણમાં પ્રકૃતિનું રૂપાંતર ઝડપી અને મજબૂત રીતે થશે.

સ્વભાવ અર્થાત્ આત્મજ્ઞાનનો અર્થ આધ્યાત્મિક પ્રકૃતિ મુજબ અને ત્રિગુણાત્મક પ્રકૃતિ મુજબ અલગ અલગ થાય છે. અપરા અને અશુદ્ધ પ્રકૃતિમાં સ્વભાવ સીધેસીધો અભિવ્યક્ત થતો નથી પણ પાર્શ્વભૂમિમાં રહીને શક્ય એટલું સંચાલન કરવા પ્રયત્ન કરે છે. તેથી તેમાં ભૂલો, સ્ખલનો થાય જ છે. ભૂલોમાંથી જ શીખીને તે વિકાસ પામતો લાગે છે. જાણે પોતે જ પોતાને શોધી રહ્યો છે એવું લાગે છે. છતાં તેમાં પણ તેનું સંચાલન અને પ્રેરણા તો હોય જ છે (સ્વભાવસ્તુ પ્રવર્તતે ૫.૧૪)

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ભેદો મૌલિક નથી પણ પ્રકૃતિનાં ગુણવિશેષો અને સામાજિક વ્યવસ્થાને યોગ્ય રીતે સંવાદમય રીતે ગોઠવવાનો તે પ્રયત્નમાત્ર છે.

ખરેખર તો ચારે વર્ણના અમુક ગુણધર્મો દરેક વ્યક્તિમાં ઓછા-વધતા પ્રમાણમાં હોય જ છે. ચારે પ્રકાર મિશ્ર સ્વરૂપે જ દેખાય છે.

ચાતુર્વણ્યનું અસલ સત્ય અને મહત્ત્વ એ આધ્યાત્મિક-પૂર્ણતાનાં ચાર પાસાંમાં રહેલું છે. તે પાસાં છે, જ્ઞાન, શક્તિ, પોષણ અને કુશળતા. દરેક પાસાંનું દૈવી સ્વરૂપ છે- માહેશ્વરી, મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી. પણ આ ચારે

પાસાં અંતે તો પ્રભુનો સંકલ્પ સિદ્ધ કરવા જ નિર્માણ થયાં છે. તેથી કર્મો અંતે તો પ્રભુની સેવામાં જ ધરી દેવાનાં છે. મયિ સન્યસ્ય કર્માણિ (૫.૧૩) સન્યસ્ય એટલે બરાબર ગોઠવીને, સમ્યક્ ન્યાસેન. એમ કરવાથી દરેક પાસું પોતાની મર્યાદામાંથી મુક્ત થઈ જાય છે 'સર્વધર્માન્પરિત્યજ્ય' (૧૮.૬૬)

આવી રીતે દરેકે પોતાના કર્મોથી પ્રભુની પૂજા કરવાની છે, સ્વકર્મણા તમભ્યર્ચ્ય (૧૮.૪૬)

જ્ઞાનીપુરુષ લોકસંગ્રહ માટે પણ કર્મ કરતો હોય છે (લોક સંગ્રહમેવાર્થમ્)

આવી રીતે હાલમાં પરાપ્રકૃતિમાં રહેલ શાશ્વત સત્યને આપણે કર્મો દ્વારા અપરાપ્રકૃતિમાં અવતરણ કરાવી તે પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે અને તેની દ્વારા પ્રભુજગત અને પોતાના અંતરાત્મા સાથે એકરૂપતા સાધવાની છે, ત્યારે જ કર્મ દિવ્ય-કર્મ બને છે.

(પૃ.૩૩ ઉપરથી)

યોગમાર્ગનો સમન્વય

૧ **હઠયોગ** - હઠયોગમાં શરીરને કસીને એવું બળવાન બનાવવામાં આવે છે કે તે મજબૂત આધાર તરીકે અન્ય યોગ-પ્રણાલીઓમાં વપરાય. તે માટે હઠયોગ વ્યક્તિગત મર્યાદાઓથી ઉપર ઊઠી, શરીરને વૈશ્વિક પ્રાણશક્તિ શરીરમાં ધારણ કરી તેમને સુયોગ્ય રીતે વાપરવાની ક્ષમતા વિકસાવે છે. એક મજબૂત સમતુલા વિકસાવે છે, આસન અને પ્રાણાયામ આ હઠયોગનાં પ્રમુખ સાધનો છે. શરીર પોતાને મળેલી વધુ શક્તિને પાછી પ્રકૃતિમાં છોડે છે અને પોતાની જાળવણી કરવા ટેવાએલું હોય છે. હઠયોગ આ વ્યક્તિગત મર્યાદાઓને ભાંગીને વિવિધ આસનો દ્વારા તે શક્તિને વધુ પ્રમાણમાં શરીરમાં ધારણ કરવાની ક્ષમતા વિકસાવે છે. હઠયોગ તો એમ જણાવે છે કે આથી શરીર ગુરુત્વાકર્ષણમાંથી પણ મુક્ત થઈ શકે છે. પોતાનો નિશ્ચિત આકાર, વજનમાં પણ વધઘટ કરી શકે છે. આને જ તે અષ્ટસિદ્ધ અથવા 'વિભૂતિ' તરીકે ગણાવે છે. તે પ્રચંડશક્તિ, અડગ આરોગ્ય, ચિરયૌવન અને દીર્ઘ પ્રક્રિયાઓ મુશ્કેલ છે, સમય વધુ પડતો લાગે છે જે આજના જીવનમાં આપવો શક્ય નથી. બીજું, જે માનસિક થોડોઘણો વિકાસ સધાય છે તે ઓછા પરિશ્રમથી રાજયોગ દ્વારા મળી જાય છે. ત્રીજું, આ ઉપર જણાવેલી સિદ્ધિઓ તે ફક્ત અન્ય યોગોના સાધનસ્વરૂપ છે. પણ હઠયોગ ઘણી વખત તે સિદ્ધિઓને જ જીવનનું ધ્યેય માની લે છે (ક્રમશઃ)

શ્રી માતાજીની કાર્ય-શક્તિ

(The Motherનાં મૂળ લેખકશ્રી એમ.પી.પંડિતના લેખના આધારે સાભાર)

સમજૂતી - માનસિંહ ચાવડા

સાધક અચાનક સંકટોમાં ઘેરાઈ જાય અને શ્રી માતાજીને મનોમન સાચા હૃદયથી પ્રાર્થના કરતાં જ ચમત્કારિક રીતે તે વાદળો વિખેરાઈ જાય અને સાધક સહીસલામત બચી જાય એવા દાખલા વાંચવામાં અને સાંભળવામાં અનેક આવે છે. આ ઘટના કેવી રીતે બને છે તે સમજી લેવું જરૂરી છે.

સાચી સાધનાની શરૂઆત થતાં જ શ્રી માતાજી અને સાધકના ચૈત્યપુરુષ વચ્ચે જન્મોજન્મનો અતૂટ સંબંધ બંધાઈ જાય છે. તેથી ચૈત્યપુરુષ સંકટોથી ઘેરાતાં જ શ્રી માતાજીને પોતાની મેળે સંકેતો મોકલવા માંડે છે. શ્રી માતાજી અચાનક આ સંકેતો બાબત સભાન બને છે. સાધકના સ્વરૂપમાં પડેલી આંટી કે ગૂંચ શોધી કાઢે છે. તેની ઉપર પોતાની પ્રકાશમય શક્તિનું દબાણ મૂકે છે તે આંટી ખૂલીને તે તત્ત્વ સરળ બની શ્રી માતાજી પ્રત્યે ઉઘાડ અનુભવે છે અને શ્રી માતાજીએ મોકલેલાં આંદોલનોરૂપી આંતરપ્રેરણાઓને ઝીલી તે મુજબની સાધનાકીય સ્થિતિ નિર્માણ કરે છે. જે હેતુ સાધવા કુદરતે આ સંકટરૂપી દબાણ લાવેલું તે પૂરું થતાં જ કુદરત પોતાનું દબાણ હઠાવી લે છે. સાધક પોતાને સંકટમુક્ત થએલો અનુભવે છે.

શ્રી માતાજીએ આંટી ઉપર મૂકેલા દબાણને કારણે આંટી ઉકલી જઈ જે ઉઘાડ આવે છે તે નીચેની પ્રતિક્રિયાઓ તરીકે વ્યક્ત થાય છે :

૧ સાધક કોઈક વરિષ્ઠ સાધકને મૌખિક વિનંતી કરી શ્રી માતાજીની સલાહ મંગાવે છે.

૨ સાધક પત્ર લખી શ્રી માતાજીને જણાવે છે.

૩ સાધક પોતાના ઘરે જ માતાજીને સમર્પિત થઈ આર્તભાવે પ્રાર્થના કરે છે.

૪ સાધક શ્રી માતાજીને મળવા પ્રત્યક્ષ પોંડીચેરી દોડી જાય છે અથવા તેવું અચાનક પોતાની મેળે ગોઠવાઈ જાય છે.

આ ખુલાસાથી એક વાત સ્પષ્ટ થશે કે આપણા ચૈત્યપુરુષે તો શ્રી માતાજી સાથે ક્યારનો સંપર્ક કરી લીધેલો હોય છે. તેનું મનોમય સૂક્ષ્મ સ્વરૂપ પાછળથી તેને અનુસરીને ઉપર મુજબનું કાર્ય કરે છે.

જીવનમાંનાં બધા જ પ્રસંગો પ્રભુ તરફ વાળવા જ કર્માનુસાર નિર્માણ કરવામાં આવે છે. આ કુદરતનો નિયમ છે અને તે કાર્ય પૂર્ણ થયા સિવાય તેનું દબાણ હઠાવવામાં આવતું નથી. કર્માનુસાર તેમાં વધઘટ થતી અનુભવાય છે એટલું જ. તેથી શ્રી માતાજી પોતાનું કાર્ય કુદરતની વિરુદ્ધ જઈને કરતાં નથી, પણ તે નિયમાનુસાર જ કરતાં હોય છે. તેઓને આ કુદરતી નિયમો બંધનકારક હોતા નથી પણ તેમને તે ટકાવી રાખે છે.

ઘણી વખત શ્રી માતાજીએ મૂકેલા દબાણને કારણે સાધકની આસપાસ માતાજીના મોકલેલ દબાણ પોતાનાં આવિર્ભાવો નિર્માણ કરે છે. આ બાબતમાં શ્રી માતાજીએ એક કિસ્સો જણાવેલ છે. એક સાધકના ચૈત્યપુરુષના સંદેશથી શ્રી માતાજીને તે સાધકની આસપાસ એક કાગડો ઉડતો દેખાયો તે સંકટ આવવાની પૂર્વસૂચના હતી. શ્રી માતાજીએ પોતાની શક્તિ મોકલતાં તેમાંથી એક સંરક્ષાત્મક આવિર્ભાવ રચાયો. સંકટ આવવા ટાણે જ આ સાધકમાં તે પ્રાદુર્ભાવે અન્યત્ર ચાલ્યા જવાની પ્રેરણા કરી. સાધક ચાલ્યો ગયો. સંકટ સમયે તેની ગેરહાજરીએ તેને આબાદ બચાવી લીધો.

આ ઘટનાની વિશેષતા એ છે કે આ આંતરિક ઘટનાપ્રવાહ બાબત તે વ્યક્તિના બાહ્ય સ્વરૂપને જરા પણ ખબર નહોતી. શ્રી માતાજીએ સમજાવવા ખાતર આ દાખલો આપેલો ત્યારે તેને વસ્તુસ્થિતિનો ખ્યાલ આવ્યો.

શ્રી માતાજીને પૂછેલું કે વ્યક્તિ સભાન કે અભાન હોય તો શું કોઈ તફાવત પડે છે ? શ્રી માતાજીએ જણાવેલું કે તેથી તફાવત પડે જ છે. સાધના જેટલી ઊર્ધ્વ સ્તરે ચાલતી હોય તેટલી વ્યક્તિ વધારે સભાન હોય છે અને તેનાં નિમ્ન સ્વરૂપો ઉપર કાર્ય પણ સારી રીતે કરી શકે છે અને એ જ બાબત શ્રી માતાજી તેની ઉપર કાર્ય કરે ત્યારે પણ બને છે.

શ્રી માતાજી આખો દિવસ આશ્રમની પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યાં રહેતાં. બપોરે અર્ધો કલાક તેઓ વિશ્રાંતિ લેતાં અને રાત્રે અગ્યાર પછી નિવૃત્ત થતા ત્યારે પણ તેઓ ઊંઘતા ઓછું. તેઓ સૂક્ષ્મ જગતોમાં પ્રભુનાં કાર્યો કરતાં તેમાં આવી મદદો આપવાનું કાર્ય પણ રહેતું. તફાવત એટલો કે તે વખતે તેમનું કાર્ય વિશ્વવ્યાપી બની જતું, આશ્રમ પૂરતું મર્યાદિત રહેતું નહિ.

તેથી શ્રી માતાજી સાધકોને રાત્રે વહેલા ધ્યાનાવસ્થામાં પ્રવેશીને તે જ અવસ્થામાં ઊંઘમાં સરી જવાની ખાસ સૂચના આપતા, જેથી બીજે દિવસે કોઈ શ્રી માતાજીના રાત્રીના કાર્ય બાબત જણાવતા ત્યારે શ્રી માતાજી સસ્મિત વદને ફક્ત

સંમતિ દર્શાવતાં.

રાત્રીનાં તેમનાં કાર્યોનું સ્વરૂપ નીચે મુજબનું હતું :

૧ દિવસે બાહ્ય વ્યસ્થતાને લીધે કોઈનાં પુકારને જવાબ ન આપ્યો હોય તેવાં કાર્યો.

૨ પ્રભુના આયોજનને કાર્યમાં જરૂરી કરવાનાં કાર્યો.

૩ પ્રભુના આયોજનને રોકવા અદિવ્ય આસુરી શક્તિઓનાં આયોજનોને ભાંગવા કરવાના સંઘર્ષાત્મક કાર્યો.

આ બધાના પુરાવા કાલાંતરે નિશ્ચિત મળતાં જ.

શ્રી માતાજીને આ કરવું કેવી રીતે શક્ય બને છે ? તે સમજી લઈએ. શ્રી માતાજી કાયમ વિશાળ અસીમ ચેતનામાં જ રહેતાં, તેથી તેમની ચેતના બહાર કોઈ વ્યક્તિ કે વસ્તુ નહોતી જ. ધ્યાનમાં જ્યારે તેઓ આ અસીમ ચેતનાનામાં એકાગ્ર થતાં જ તેમને કોઈપણ વ્યક્તિમાં થએલી કોઈપણ ઘટના તાદૃશ થતી. તે તાદૃશ કરવાની જરૂર છે તે શ્રી માતાજી આંતરપ્રેરણાથી જાણતા. વિગતો જાણ્યા પછી ઉપર મુજબની પ્રક્રિયાથી તે વ્યક્તિને મદદ કરતા.

'મા' પુસ્તકમાં શ્રી માતાજી જ આપણી અંદર સાધના કરી રહ્યાં છે, તે વિધાન પાછળનું ગૂઢ રહસ્ય આ છે.

શ્રી માતાજી જણાવે છે કે દરેક વ્યક્તિ સાથે તેમનો સંબંધ ખાસ પ્રકારનો હોવા છતાં તે વ્યક્તિનાં વિવિધ તત્ત્વોનાં વિકાસાનુસાર તેમનો તે તત્ત્વ સાથેનો સંબંધ વધારે વિશિષ્ઠતાપૂર્ણ બની જતો. કયા તત્ત્વ સાથે પોતાનાં ચાર સ્વરૂપો - માહેશ્વરી, મહાકાળી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી - પૈકી કયા સ્વરૂપ દ્વારા કાર્ય કરવું તે પ્રસંગાનુસાર નક્કી થતું. આ અટપટી કાર્યપદ્ધતિ કુશાગ્ર વ્યક્તિ પણ સમજી શકે નહિ એવું 'મા' પુસ્તકમાં તેથી જ જણાવેલું છે. વળી એક વખતે એક સ્વરૂપ દ્વારા એક જ તત્ત્વ ઉપર કાર્ય કરવાનું બંધન પણ તેમને નહોતું. તેઓ વિવિધ સ્વરૂપો દ્વારા વિવિધ તત્ત્વો ઉપર એકી વખતે પણ કાર્ય કરતાં.

શ્રી માતાજીની કાર્ય-શક્તિનું વર્ણન કરવું કે તેને સમગ્રરીતે સમજવું શક્ય જ નથી. તે અનિર્વચનીય શક્તિ જ છે. તેનો પાર આપણે જોઈ શકવાનાં નથી. તે અપરંપાર જ છે.

(શ્રી કે.કે.ખખ્ખરનો માનવવિકાસચક્ર ઉપરનો લેખ અનિવાર્ય કારણોસર મળેલ ન હોવાથી તેને બદલે આ લેખ આપેલ છે - ક્ષમસ્વ - તંત્રી)

સાવિત્રી

- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

Savitri B-1, C-3 P 35-36

કોષોની સાધનાનો પાયો

પ્રકરણ - ૯૩

અશ્વપતિએ આધારમાં પ્રશાંતિને પ્રાપ્ત કરી લીધી છે. આધારમાં જાણે પ્રશાંતિનું ચોસલું બંધાઈ ગયું છે. આ પ્રશાંતિ તો એકમ-અદ્વિતીયમ્ પરા-ચેતના અને આ નક્કર ભૌતિક તત્ત્વ વચ્ચે જોડાણ બિન્દુ છે. વર અને વધૂની છેડાછેડીની ગાંઠ છે. આ જાણે ગંગા-યમુનાનો સંગમ છે. ધવલ ફેનલ ગંગાનાં નીર શ્યામ યમુનામાં પ્રવેશી એકરૂપ થતાં લાગે છે. પરમ-ચેતના તો અદ્વિતીય છે, પણ તે જ અસંખ્ય સ્વરૂપોમાં વિખેરાઈ ગઈ છે, વિભક્ત થઈ ગઈ છે એમ લાગે છે પણ વાસ્તવિકતા તે નથી. હવે અશ્વપતિને લાગવા લાગ્યું કે અસંખ્ય ભિન્નભિન્ન સ્વરૂપો મારફત સ્મિત સાથે તે પરા-ચેતના જ પોતાના જ અવનવા રૂપો પ્રત્યે કુતૂહલથી જોતી નજારો માણી રહી છે. 'અવિભક્તં વિભકતેષુ' તે આનું નામ. તે કાલાતીત પરા-ચેતના કાળના પ્રવાહમાં જાણે જળક્રીડા કરવા ઉતરી પડેલી પરીની જેમ છબછબિયાં કરે છે. જાણે કાળનાં ઉડતાં છાંટામાં પોતાનું પ્રતિબિંબ ન શોધતી હોય ! આવા અવનવા ભાવ અશ્વપતિના ચિત્તમાં હવે ઉભરાવા માંડ્યાં છે. અશ્વપતિ પોતાની શાંતિમાં પરા-ચેતનાની ક્રીડા જાણી રહ્યો છે, માણી રહ્યો છે. તેને પોતાના ભૌતિક-મનની શરૂઆતની ટેવો યાદ આવી. કેવી તો કઢંગી એ જોવાની રીત હતી ! તે ભૌતિક-દૃષ્ટિ દરેક સ્વરૂપને પોતાથી જુદું, પારકું ગણતી. પોતાના નાનકડા શરીરરૂપી શંખલામાં પ્રવેશી પોતાના નાનકડા શંખલાનાં વિશ્વમાં જ ગૂંચવાઈ જતી અને તેથી પરા-ચેતનાનું આ અવ્યાહત ચાલતું રૂપે રૂપે પ્રગટતું આ નર્તન-લાસ્યનૃત્ય તે જોઈ શકતી નહિ. લાસ્યનૃત્ય એટલે પરા-ચેતનાનું વિલસવાનું, પ્રગટ થવાનું, આવિર્ભાવ પામવાનું નર્તન. આવી સંજયની દિવ્યદૃષ્ટિ તે ભૌતિક અબોધ મનમાં જ નહોતી અને તેથી પોતાની અણઘડ અને અણઆવડત ભરી પદ્ધતિથી તે જગતને જોવાનો પ્રયત્ન કરતું. પોતાને સંકુચિત અને શરીરમાં લપાએલું રાખવામાં જ તેને પોતાની સુરક્ષિતતા જણાતી.

આ તેની સંકુચિત દૃષ્ટિને કારણે પરા-ચેતના પોતે જ પોતાના અનંત રૂપોને વિકસાવીને પોતે જ 'રૂપં રૂપં પ્રતિરૂપો બભૂવ' આ વેદવાક્યાનુસાર દરેક રૂપમાં

જુદું જ રૂપ ખીલવવાનો પ્રયત્ન કરી રહી હતી. આ તો બધા એક જ ગુલશનનાં અનંત ગુલ છે, ફૂલો છે. પરા-ચેતનાના અન્યરૂપો દ્વારા મદદ કે વિરોધ થતો, સહકાર કે સંઘર્ષ થતો, ત્યારે તે ભૌતિક મન તેને પોતાનું ભાગ્ય અને દુર્ભાગ્ય ગણતું. પોતે ભાગ્યને અધિન છે, લાચાર છે એવું અનુભવતું. પોતાની સીમિત તાકાતરૂપી માનવીક્ષમતા ભાગ્યની પ્રચંડ જોહુકમી સામે લાચાર છે એવો ભાવ અનુભવતું હતું. આ રીતે ભૌતિક મન પરા-ચેતનાનાં વૈશ્વિક વિકાસના કાર્યને સમજતું અને પોતાની સમજણ બરાબર જ છે એમ માનતું.

તે ભૌતિક મન પોતા પૂરતું વિવિધ ભૌતિક-અંગો વચ્ચે સુમેળ સાધતું. મનની અને પ્રાણની શક્તિ સામે ગુલામ થઈને રહેતું. આવી રીતે મન-પ્રાણ-શરીરરૂપી આ માનવરૂપી ગાંસડીનું એક કઢંગુ એકમ રચવાનો પ્રયત્ન કરતું. ભૌતિક, પ્રાણમય, મનોમય પુરુષનું તે કઢંગુ જોડાણ હતું. શ્રી અરવિન્દ જણાવે છે કે

A union of the Real with the unique.
A gaze of the Alone from every face.
The Presence of the External in the hours
Widening the mortal mind's half-look on things.
Bridging the gap between man's force and Fate.
Made whole the fragment-being we are here.

પણ હવે અશ્વપતિએ મજબૂત અને ટકાઉ એવી પ્રશાંતિ આધારમાં સ્થાપી હતી. આધાર એટલે પેલું મન-પ્રાણ-શરીરનું પોટલું. આ પ્રશાંતિ ભોગતૃપ્તિ પછી આવેલી ક્ષણિક નિરાંત નહોતી પણ આધ્યાત્મિક પ્રશાંતિ હતી. ભોગતૃપ્તિની નિરાંતમાં મનોમય પુરુષનું, અહંકારનું વર્ચસ્વ હોય છે. તે અહંકારને બળવાન બનાવે છે, અહંકારના વર્ચસ્વ નીચે બીજા તત્ત્વોની વાસના પણ સંતોષાતી હોય છે. પણ આધ્યાત્મિક પ્રશાંતિમાં માનવ-ચેતના પરા-ચેતનાના સંપર્કમાં આવે છે. અહંકાર વિલીન અથવા ક્ષીણ થઈ ગએલો હોય છે. પરા-ચેતનાના આનંદમાં બધાં તત્ત્વો એકાગ્ર બનેલાં હોય છે, આત્મારામ જ રાજા બની શાસન કરતો હોય છે અને પરા-ચેતના આવી સંવાદમય સ્થિતિમાં પોતાના સાકાર આવિર્ભાવ માટેનો પાયો નાખતી હોય છે. પાયામાં જાણે પ્રશાંતિનું સીમેંટ કોંક્રીટ રેડવામાં આવતું હોય છે. આવી પ્રશાંતિ પ્રથમ આવતી હોય છે, ડહોળાતી હોય છે; પણ તે અવસ્થામાં પાયામાં કોઈ મજબૂત રચના કરી જતી હોય છે. આમ કરતાં કરતાં અંતે કાયમી પાયો રચાય છે, તેને શ્રી અરવિન્દ "firm spiritual poise" તરીકે વર્ણવે છે. આ

ટકાઉ પ્રશાંતિ શા માટે બને છે તેનું કારણ પણ શ્રી અરવિન્દ તરત જણાવે છે. સાધકની ચેતના સતત પેલી ઊર્ધ્વ-ચેતનામાં જ પોતાનો મુકામ કરીને બેઠી હોય છે, તેથી ત્યાંથી પ્રશાંતિનો જાણે જથ્થો તે સતત નીચે ધકેલતી હોય છે. આવી રીતે પ્રશાંતિની પુરવઠા-ધારા સતત ચાલતી જ રહે છે અને તેથી નીચે આધારમાં ટકાઉ પ્રશાંતિ રચાતી જાય છે. પ્રશાંતિનું કોંક્રીટ ઠરીને જામવા માંડે છે. ઊર્ધ્વમાંની સનાતન-ચેતનામાંથી થતો અખૂટ પ્રશાંતિનો પ્રવાહ જાણે સાધકમાં સુવર્ણ-વર્ષા કરતો હોય છે. આ વર્ષા નીચે જામેલી-પ્રશાંતિના મોલને જીવનદાન આપે છે.

પ્રશાંતિમાં જે સુરક્ષિતતા લાગે છે તેનું કારણ હવે શ્રી અરવિન્દ જણાવે છે. આધારમાં ગહન મૌન સધાએલું હોય છે. તે મૌન પરા-ચેતનાની પોતાના ઉપરની એકાગ્રતા સ્વરૂપ, સ્વલીનતા સ્વરૂપનું હોય છે. ચેતના સ્વલીન બનેલી હોય છે. તેની અખંડ, અવિચલ એકાગ્રતાએ સમગ્ર ચેતનામાં એક સભાનતાનો આંતરપ્રકાશ પાથરેલો હોય છે. આવા આંતરમૌન અને આંતરપ્રકાશમાં અશ્વપતિનો આધાર ડૂબેલો હતો અને તે જ તે પ્રશાંતિની અવિચલતાનું રહસ્ય હતું. શ્રી અરવિન્દ દિવ્ય ચેતનાના સ્વભાવસ્વરૂપ તે મૌન અને પ્રકાશને દર્શાવવા Silence અને Ray નાં આદ્યાક્ષરો કેપિટલ કરે છે. શ્રી અરવિન્દ લખે છે કે -

At last was won a firm Spiritual poise,
A constant lodging in the Eternal's realm,
A safety in the Silence and the Ray.

આ રીતે જાણે પેલા સનાતન તત્ત્વ સાથે, Immutable સાથે, માનવચેતનાનો સંધિ-કરાર થાય છે, મૈત્રી - કરાર થાય છે. શ્રી અરવિન્દ જણાવે છે આને કારણે તે સનાતન ચેતનામાં રહેવાનું જાણે અશ્વપતિને green card - પરવાનો મળી જાય છે. શ્રી અરવિન્દ લખે છે કે -

A settlement in the Immutable.

આવી રીતે અશ્વપતિની ચેતનાનો વિસ્તાર થાય છે. તેના સ્વરૂપનાં ટોચનાં પ્રદેશો પ્રશાંત ચેતનામાં રહેવા લાગે છે. તેની પ્રજ્ઞા પણ ઊર્ધ્વ-ચેતનામાં જ રહેવા લાગે છે અને દિવ્ય-વિચારો અને ભાવોને અનુભવતી હોય છે અને ત્યાંથી અશ્વપતિના ભૌતિક તત્ત્વને જોતી હોય છે. તેને પરા-ચેતના પેલા જડ તમોગ્રસ્ત ભૌતિક ચેતનારૂપી દિવ્યબાળકને કેવી રીતે રમાડતી રમાડતી વિકસાવી રહી છે, તેની લીલા તે માણતી હોય છે. તેના વિસ્મય અને કૌતુકનો પાર રહેતો નથી. કારણ તે પરા-ચેતના ખૂબ જ ચમત્કારિક રીતે, અદ્‌ભુત રીતે, ભૌતિક-ચેતનાને ઘડતી

હોય છે. દિવ્યબાળને વિકસાવતું હોય છે.

અને આ ઘડામણમાં પરા-ચેતનાનો ભાવ પણ તે દિવ્યપ્રજ્ઞા જાણી અને સમજી શકે છે. પરાચેતના રૂપી રાત્રી અને સભાનતા રૂપી પ્રભાતના પ્રકાશનો ઉપયોગ કરીને જાણે ડાબા - જમણા ખોળે પેલી ભૌતિક ચેતનારૂપી બાળને રમાડતી હોય છે, ઉછાળતી હોય છે, સંસ્કાર સીંચતી હોય છે. આ જગન્માતાનો પુત્રપ્રેમ જોઈ દિવ્યપ્રજ્ઞા તો ઘેલી થઈ આનંદાશ્રુ સારે છે. ભૌતિક-ચેતનારૂપી રોગિષ્ઠ માયકાંગલા બાળને ઉછેરવું એ કાંઈ નાની અને સહેલી બાબત તો નથી જ !

તેના ઉછેરમાં પેલું સનાતન તત્ત્વ કાળનાં પ્રવાહનું રૂપ લે છે. તે દિવ્યપ્રેમનો પ્રવાહ હોય છે. કારણ તે ભૌતિક તત્વને ઉત્ક્રાંતિના માર્ગે પ્રગતિ કરાવવા ઇચ્છે છે. શ્રી અરવિન્દ જણાવે છે કે

His heights of being lived in the still self,
His mind could rest on a supernal ground
And look down on the magic and the play
Where the god-child lies on the lap of Night and Dawn.
And the Everlasting puts on Time's disguise.

આવી રીતે ભૌતિક તત્ત્વની મશાગત કરવામાં આવે છે, જેથી કોષોની સાધનાનો મજબૂત પાયો રચાય.

(પૃ.૨૬ ઉપરથી)

યોગ વિષે પત્રો

પ્રાણમય પુરુષ અને અહંકાર પણ એક જ તત્ત્વ નથી. અહંકાર મનોમય, પ્રાણમય અને શારીરિક ત્રણે સ્વરૂપનો હોય છે. કામનામય પુરુષ અહંકારના એક પાસા જેવું છે. અહંકારમાં વ્યક્તિ મન, પ્રાણ, શરીર સાથે એકરૂપ થાય છે. અવચેતન અને અચેતનના પ્રભાવ નીચે રહે છે અને તેથી ચૈત્યપુરુષ બાબત તદ્દન અજ્ઞાન ધરાવે છે.

આમ ચૈત્યપુરુષ, મનોમય પુરુષ, પ્રાણમય પુરુષ, પાર્થિવ પુરુષ આ બધા જ જીવાત્માની વિવિધ કક્ષાની અભિવ્યક્તિ સ્વરૂપ છે અથવા પ્રક્ષેપ સ્વરૂપ છે, પણ આ બધાનું સત્ય ત્યારે જ વ્યક્તિ જાણી શકે છે; જ્યારે તે આંતર-સ્વરૂપમાં પ્રવેશી ત્યાં સ્થિર થતાં શીખે છે. કારણ આ બધાનાં શુદ્ધ સ્વરૂપો અને તેમનાં દિવ્ય-કાર્યોની સમજણ ત્યારે જ આવે છે. ચેતનાની સપાટી ઉપર રહેતા રહેતા આ સત્ય સમજવું મુશ્કેલ જાય છે.

યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

ચૈત્યપુરુષની સાધનામાં ભૂમિકા - પ્રકરણ - ૧૩

અવતરણો

(ભા-૧, પૃ ૩૩૨-૩૩૬)

સમજૂતી - માનસિંહ ચાવડા

૧) અતિમનસ એ ઋત-ચેતના છે. તેની નીચે અધિમનસ આવેલું છે, જે તત્ત્વ પરમાત્માની શક્તિઓને ગ્રહણ કરે છે અને તેમને છૂટી પાડવા માટેનું કાર્ય કરે છે. તે દરેક શક્તિ પોતાના હક પ્રમાણે કાર્ય કરે છે.પૃ.૩૩૧

૨) અચિત્રૂપ બનેલ છે ચેતનામાંથી ચેતના ફરીથી પ્રગટ થાય છે અને ઊર્ધ્વારોહણ કરે છે..... ઊર્ધ્વતર પ્રદેશો (અંતપ્રજ્ઞા, અધિમનસ અને અતિમનસ) તરફ ખુલ્લું કરી પહોંચાડે છે.પૃ.૩૩૨

૩) ચૈત્યપુરુષે દરેક ભૂમિકા ઉપર કાર્ય કરવાનું છે. પૃ.૩૩૨

૪) દરેક આત્મા વિકાસ પામેલો અને સક્રિય હોતો નથી.પૃ.૩૩૨

૫) યોગની સાધના કર્યા સિવાય સીધેસીધો પરમાત્મા પ્રત્યે વળતો નથી. લાંબા સમય સુધી તે પરમાત્માની શોધ..... માનવીઓ અને વસ્તુઓ દ્વારા કરે છે.પૃ.૩૩૨

૬) ચૈત્યપુરુષ તેમની (મલિન પ્રકૃતિનાં તત્ત્વો) મારફતે બની શકે એટલી સારી રીતે કાર્ય કરે છે; પરંતુ અવિદ્યાના નિયમો પ્રમાણે જ.પૃ.૩૩૩

૭) આત્મા (ચૈત્યપુરુષ) સાથે બુરખાધારી પરમાત્મા - હૃષિકેશ કાયમ હોય છે. પૃ.૩૩૩

૮) ચૈત્યપુરુષ અને હૃદયમાં રહેલી પરમાત્માની હાજરી તદન ભિન્ન વસ્તુઓ છે.પૃ.૩૩૩

૯) ચૈત્યપુરુષનો સાધના માટેનો ફાળો (૧) પ્રેમ અને ભક્તિ (૨) અંતઃકરણમાં શ્રી માતાજીની હાજરી (સ્પર્શ) (૩) અંદરથી આવતું અચૂક માર્ગદર્શન (૪) મન, પ્રાણ, શારીરિક ચેતના ને ચૈતસિક પ્રભાવ..... નીચે મૂકવા (૫) નિમ્ન ચેતનાને આધ્યાત્મિક ચેતના પ્રત્યે ખુલ્લી કરવી.

અતિમનસને જ ઋત્-ચેતના કહે છે. આ ઋત્-ચેતનામાં પ્રભુનો સમગ્ર સંકલ્પ ધારણ કરેલો હોય છે. તેનાં વિવિધ અંગો-ઉપાંગો પૂર્ણ સમન્વયમાં એકરૂપ થઈને રહેલાં હોય છે.

આ અતિમનસમાંના ઋતમ્‌ને જ્યારે તેની નીચેનું જ સંલગ્ન અધિમનસ ઝીલે છે ત્યારે તે ઋતમ્‌નાં વિવિધ પાસાંઓનું જાણે વિશ્લેષણ કરે છે અને તેમને જુદા જુદા પાડવાનું કાર્ય કરે છે, જેથી પ્રભુનો મૂળ સંકલ્પ સર્વાંગપૂર્ણ રીતે પરિપૂર્ણ કરતા આવે. હજી આ પાસા એકબીજાથી સંવાદમાં જ રહેતા હોવા છતાં પોતાની અલગતા અને ભિન્નતાની સભાનતા કેળવતાં થાય છે. હવે દરેક પાસું પોતાની જન્મજાત ક્ષમતાને એક સ્વતંત્ર શક્તિ તરીકે વિકસાવે છે. આમ વૈશ્વિક શક્તિઓ સ્વરૂપ દેવતાઈ જગત રચાય છે આને જ અધિમનસ (Overmind) કહે છે. મનને ભેદ કરીને જાણવાની ટેવ છે. તે જ ટેવ અહીં પણ દેખાતી હોવાથી શ્રી અરવિન્દ તેને મનસ્‌નો ઊર્ધ્વમાંનો સર્વશ્રેષ્ઠ સીમાંત ભાગ ગણે છે. હવે દરેક વિશ્વ-શક્તિ પોતે સ્વતંત્ર રીતે પોતાની શક્તિઓ પ્રભુના સંકલ્પને સાકાર કરવા, અર્થાત્ જગત નિર્માણ કરવા વાપરવા માંડે છે.

પરમાત્મતત્ત્વ પણ આ સ્તરે તે મુજબ વિભાજીત થતું લાગે છે. વિશ્વ-શક્તિઓ એ પરમાત્માની જ શક્તિઓ હોય છે. જગત બનનાર પરમાત્મતત્ત્વ પ્રકૃતિનું રૂપ ધારણ કરે છે અને જીવનું વિશિષ્ટ રૂપ ધારણ કરવા પ્રવૃત્ત બનેલું પરમાત્મતત્ત્વ જીવાત્મા (પુરુષ) તરીકે પ્રગટ થાય છે. વિશ્વ-શક્તિઓ વિશ્વપ્રકૃતિની ક્ષમતાઓ તરીકે પ્રગટ થવા માંડે છે. આમ પુરુષ અને પ્રકૃતિરૂપે દ્વિદલ ચેતના પરમાત્મામાંથી જ પ્રગટ થાય છે. આ દ્વિદલ ચેતના હોય છે પણ શરૂઆતમાં નીચે વધારે ને વધારે અવતરણ પામી અનંતરૂપે વિભાજીત થવા માંડે છે, તેમ તેમ તે પોતાની મૂળ એકતાનું ભાન ગુમાવતી જાય છે. વિભાજનને મજબૂત કરનાર અહંકાર વધારે ને વધારે મજબૂત થતો જાય છે. જડ તત્ત્વમાં તો તે સંપૂર્ણ અચિત્ સ્વરૂપે ફેરવાઈ જાય છે. ત્યાંથી પરત ફરવાનો પ્રવાસ થાય છે જેને ઉત્ક્રાંતિ કહેવાય છે. તેમાંથી પ્રાણ, મન વગેરે ક્રમશઃ વિકાસ પામી અંતઃપ્રજ્ઞા, અધિમનસ અને અતિમનસનાં તબક્કાઓ વટાવી ફરી પરમ-ચેતના સ્વરૂપે એકરૂપ બની જાય છે.

આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ચૈત્યપુરુષ અશુદ્ધ પ્રકૃતિ દ્વારા પોતાને પ્રગટ કરવા પ્રયત્ન કરે છે પણ તે પ્રકૃતિના નિયમાનુસાર જ. લાંબા કાળ સુધી તો તે પોતાને પ્રકટ જ કરી શકતો ન હોવાથી સક્રિય રહી શકતો નથી. પરંતુ આ દરમિયાન પણ તે

વૈશ્વિક-ચેતના સાથે સંપર્કમાં હોય છે. આ સંપર્ક વૈશ્વિક દિવ્ય-શક્તિઓ દ્વારા થતો હોય છે. તે શક્તિઓની મદદથી તે પોતાનું કાર્ય કરવા સમર્થ બનતો હોય છે.

આ ચૈત્યપુરુષ જ ઉપર જણાવેલી ઉત્ક્રાંતિની પ્રક્રિયા દરમિયાન નીચે મુજબનો પોતાનો ફાળો સાધનામાં આપે છે :

૧ પ્રભુપ્રેમ અને પ્રભુભક્તિને પ્રગટ કરવી. આ પ્રેમ અને ભક્તિ શુદ્ધ અને બિનશરતી સમર્પણ સ્વરૂપની હોય છે. તે સ્વયંભૂ હોય છે.

૨ તેને કારણે પ્રભુની અથવા જગન્માતાની હાજરી અંતઃકરણમાં અનુભવવી.

૩ મન, પ્રાણ, શરીરમાં ઊર્ધ્વ-ચેતનાનાં અવતરણ માટે સાચું વલણ પ્રસ્થાપિત કરવું.

૪ નિમ્નચેતનાને ઊર્ધ્વચેતના પ્રત્યે ખુલ્લી કરવી.

૫ મન, પ્રાણ શરીરને પોતાની સાથે ઊર્ધ્વમાર્ગે લઈ જવાં.

૬ મન, પ્રાણ શરીરને પોતાના ચૈતસિક-પ્રભાવ નીચે લાવી તેમનું રૂપાંતર કરવું.

મનોમયપુરુષ કે પ્રાણમય પુરુષનાં સંકલ્પબળે પ્રકૃતિને ઊર્ધ્વગામી કરી શકાય છે, પણ તેનાં પરિણામો સારા જ આવે તેની ખાતરી હોતી નથી. તે જોખમી પણ બની શકે છે.

ચેતના પોતાની મેળે મસ્તકના ઉપરનાં કેન્દ્રમાં સ્થિર થઈ વિદેહાવસ્થા નિર્માણ પણ થઈ શકે છે. તે દ્વારા થતું કાર્ય વધુ સુરક્ષિત અને ઓછું જોખમી હોય છે, પણ તે કાર્ય સહજ રીતે થવું જરૂરી છે.

ઘણી વખત આ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં કામનામય પુરુષ જેને તૈતરીય ઉપનિષદ પ્રાણમય પુરુષ કહે છે તેનું શાસન જ વ્યક્તિના પ્રકૃતિ ઉપર વધુ પડતું હોય છે. તેથી તે વ્યક્તિ પોતાના પ્રાણમય પુરુષને જ ભૂલથી આત્મતત્ત્વ સમજી બેસે છે, પણ આ મોટી ભૂલ છે. જીવાત્મા તો ઊર્ધ્વમાં મસ્તકની ઉપર રહેલું આત્મતત્ત્વ છે. તેને કામનાઓ, અહંકાર કે અજ્ઞાન સ્પર્શી પણ શકતું નથી. તે જીવાત્માનો વિશ્વાત્મા તરીકે બધામાં રહેલ આત્મતત્ત્વ તરીકે પણ સાક્ષાત્કાર થાય છે, ત્યારે તેને 'દિવ્યપુરુષ' કહેવામાં આવે છે અથવા પરમાત્મા તરીકે ઓળખાય છે.

પ્રાણમય પુરુષને આત્માની એક દિવ્ય-અભિવ્યક્તિ તરીકે બનાવવાનો છે.

(પૃ.૨૩ ઉપર)

ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

અવતરણો (પૃ.૩૫૧-૩૬૩)

ભારતીય તંત્રનો વિકાસ

પ્રકરણ - ૧૬

૧ મેં ભારતીય સંસ્કૃતિની..... માનસિક, આધ્યાત્મિક, ધાર્મિક, બૌદ્ધિક, નૈતિક અને સૌંદર્યલક્ષી સત્તા તરીકે..... વાત કરી..... એવા ઘણા છે જેઓ જણાવશે કે જીવનની બાબતમાં તે નિષ્ફળ નીવડી છે. પૃ.૩૫૧

૨ આજે..... સંસ્કારી માનવ પણ તદ્દન અપૂર્વ કક્ષાએ એક રાજકીય, આર્થિક અને સામાજિક સત્તા (Politicon zoon) છે. પૃ.૩૫૧

૩ (આંતર - બાહ્ય સ્વસ્થ જીવન) પ્રગતિનો ખરો અર્થ આ છે; અને તેના અંગ તરીકે એક સ્વસ્થ રાજકીય આર્થિક અને સામાજિક જીવન હોવું જોઈએ.પૃ.૩૫૨

૪ (ભારતીય સમાજ) તેની સામાજિક વ્યવસ્થા એક અભેદ્ય પાયાગત સ્થિરતા સ્થાપી શકી હતી. સાહિત્યની બધી નોંધો આ પ્રકારના સાંસ્કૃતિક જીવનની સાક્ષી પૂરે છે. પૃ.૩૫૨

૫ ભારતીય રાજકીય અસમર્થતાની વાયકા ઐતિહાસિક વિકાસના ખોટા દૃષ્ટિબિંદુમાંથી અને દેશના પ્રાચીન ભૂતકાળના અપૂરતા જ્ઞાનમાંથી જન્મી છે.પૃ.૩૫૩

૬ ભારતીય રાજતંત્રમાં એક પ્રબળ લોકતંત્ર છે.પૃ.૩૫૩ ..... આવી એક પદ્ધતિ કે વ્યવસ્થા કુલની પ્રથા (clan or tribe) હતી...... જે પ્રજા વસવાટ કરતી તેના નામે તે પ્રદેશ ઓળખાતો. દા.ત. કુરુ, માલવ. પૃ.૩૫૪

૭ લોકોની સભા (વિશઃ) એટલે સામાજિક વિચારોની આપ-લે માટે એકઠા થવું. પૃ.૩૫૪

૮ રાજાએ સૌનો ઉપરી અને પ્રતિનિધિ હતો. પૃ.૩૫૪

૯ આદર્શ કાયદો (ધર્મ) અને તેનો વ્યવહારુ અર્થ શોધવો..... આ બધું ઋષિઓનું કાર્યક્ષેત્ર હતું. પૃ.૩૫૬

૧૦ આખરે જતાં ગણતંત્ર સ્વરૂપ દૃઢ થયું..... ક્યાંક લોકશાહી સંસદ..... ઘણે ઠેકા૧૧ અલ્પ જનતંત્રની શાસક સભાની હુકૂમત રહી. પૃ.૩૫૭

૧૧ રાજા કરતાં ચડિયાતો સમ્રાટ ધર્મ હતો. પૃ.૩૫૯

૧૨ અત્યાચાર ને ઘણું જ અલ્પ અથવા નહિવત્ સ્થાન હતું.

૧૩ ઈશ્વરદત્ત અનિયંત્રિત અધિકાર..... અંગ નહોતું.પૃ.૩૬૨

સમજૂતી - માનસિંહ ચાવડા

ભારતીય સંસ્કૃતિની આધ્યાત્મિક, ધાર્મિક, નૈતિક, સૌંદર્યલક્ષી, વિકાસ અને મહત્તાની નોંધ લેતાં લેતાં આપણે હવે આગળ વધી રહ્યાં છીએ. ઘણા બૌદ્ધિકો આવી આંતરિક-મહત્તા અને વિકાસને સ્વીકારે છે પણ બાહ્ય વાસ્તવિક-જીવનમાં કોઈ વિશેષ પ્રગતિ નોંધાવી નથી એમ જણાવે છે. આજે આર્થિક, સામાજિક એ રાજકીય વિકાસને ખૂબ જ મહત્ત્વ અપાય છે (Politicon Zoon).

એ વાત સત્ય છે કે આંતરિક વિકાસને સ્થાયી, મજબૂત અને સ્વસ્થ કરવા ઉપર જણાવેલ બાહ્ય જીવનનો આધાર જરૂરી છે. તે આધાર છે તે આંતરિક સત્યથી સંચાલિત થતું રહે તો તે સાચો વિકાસ ગણાશે. આજના આ બાહ્ય-જીવનના વિકાસને આંતરિક પ્રેરણાનું માર્ગદર્શન નથી અને તેથી દિશાશૂન્ય બનતું જાય છે. આંતરિક વિકાસને અવરોધક બને છે.

આ દૃષ્ટિકોણથી ભારતીય બાહ્યજીવનને તપાસવું જરૂરી છે.

ભારતીય બાહ્ય-જીવન આત્માની અંતઃપ્રેરણાથી શાસિત હતું. આત્માની પ્રેરણા ઝીલી અંતરાત્માને મન, પ્રાણ, શરીરદ્વારા ભૌતિકજીવનને સંચાલિત કરવામાં ઉપયોગી કરી લેવામાં આવતો, તો પછી આમ છતાં ઉપરનો આરોપ મૂકવાનું કારણ શું? તે તપાસવું જરૂરી છે. આરોપના મૂળ મુદ્દાઓ નીચે મુજબના છે :

૧ ભારતીયો સ્વસ્થ રાજ્ય વ્યવસ્થા કે પ્રણાલીને આપવામાં અસમર્થ રહ્યાં છે.

૨ ભારત તેથી તેના સમગ્ર ઈતિહાસ દરમિયાન વિભાજીત અને પરતંત્ર જ રહ્યું છે.

૩ ભારતની આર્થિક વ્યવસ્થા સ્થિતિસ્થાપક અને નમનીય ન રહેવાથી આધુનિક અપેક્ષાઓ મુજબ પોતાને ગોઠવી શક્યું નથી; તેથી ગરીબાઈ, ભૂખમરાનો સામનો કરી રહ્યું છે. જ્ઞાતિવાદ આર્થિક જીવનનો આધાર રહ્યો છે જે જન્માધિન છે, ક્ષમતાધિન નથી. તે વ્યવસ્થા વર્તમાન સમયમાં તદ્દન નિરુપયોગી છે.

આ આરોપો અને ટીકાઓનાં સાચા કારણો નીચે મુજબનાં છે :

૧ ભારતમાંનો ઐતિહાસિક વિકાસને આ બૌદ્ધિકો સમજી જ શક્યાં નથી,

કારણ તેમનો દૃષ્ટિકોણ જ યુરોપીય હતો, જે અહીંનાં વિકાસને મૂલવી શકતો નથી.

૨ આ બૌદ્ધિકોને ભારતીય સંસ્કૃતિના પ્રાચીન વ્યવસ્થાનું મુદ્દલે જ્ઞાન નથી.

વેદકાલિન આર્યોની સમર્થ પણ મુક્ત વિવિધ પ્રકારની રાજ્યવ્યવસ્થાઓ (રાજ્ય, અધિરાજ્ય, વૈરાજ્ય, સામ્રાજ્ય, જનપદ) આખરે 'આર્યસંસ્કૃતિના અવનતિ સાથે બે સ્વરૂપે વિકૃત થઈ ગઈ.

૧ આધ્યાત્મનિષ્ઠ અને નિર્ભય બ્રાહ્મણ સમાજ રાજાઓની ચાકરીમાં જોડાઈને સ્વત્વ ગુમાવી બેઠો.

૨ ધર્મસભા જે ઋષિઓની બનેલી હતી, તે આ રીતે નબળી પડતા રાજાઓ નિરંકુશ, વિલાસી અને આપખુદ બનવા લાગ્યા.

પણ મૂળતઃ ભારતીય રાજ્ય-વ્યવસ્થામાં એક પ્રબળ લોકતંત્રનું તત્ત્વ હતું. ધર્મસભા સાંસ્કૃતિક, ધાર્મિક, સામાજિક સંસ્કારો સમાજને મળતાં રહે માટે જાગૃત રહેતું.

૨ શ્રેષ્ઠી-સભા ઉદ્યોગધંધા અને સમાજવિકાસના કાર્યોનું સંચાલન કરતી. આ રીતે ભારતીય રાજકીય વિકાસને ચકાસવો જરૂરી છે. કારણ આ ભારતીય માનસ અને જીવન-આદર્શને અનુરૂપ, સ્વીકૃત રાજ્યવ્યવસ્થા હતી. આવા આદર્શ રાજ્યને જ 'રામરાજ્ય' કહેતા.

ભારતીય રાજ્યવ્યવસ્થાનું મૂળ આર્યોની કુળ-પદ્ધતિમાં (clan, tribe) છે, જેમાં તે કુળના દરેકનો સમાન દરજ્જાનો ગણાતો. જે કુળ હોય તેના નામનું રાજ્ય ગણાતું. રઘુકુળ (રાઘવ), યદુકુળ (યાદવ), કુરુકુળ (કૌરવ), ભરતકુળ (ભરતવંશ), પુરુવંશ (પૌરવ). કુળ અનેક ગામડાંઓમાં વસતું. ગામને વિશઃ કહેતા. પ્રત્યક્ષ લોકશાહીની જેમ સમગ્ર કુળ ચર્ચા બાદ નિર્ણય લેતું. યજ્ઞ કે પૂજા પણ સામુદાયિક રહેતી (દા.ત. નંદવંશની ગોવર્ધનપૂજા) રાજા તે જનપદનો પ્રમુખ (ગણપતિ) કહેવાતો. અનેક કુળનાં એક જ ઋષિ રહેતા, જેમને પુરોહિત કહેતા. (દા.ત. રઘુકુળનાં વશિષ્ઠ). આ પદ વારસાગત પણ હતું.

આ રાજ્ય વ્યવસ્થાનાં પ્રાથમિક સ્વરૂપો છે. તેમાંથી પછી બીજી રાજ્ય વ્યવસ્થાઓ વિકાસ પામી.

ધીમે ધીમે જે નવી પદ્ધતિ વિકાસ પામી તે નીચે મુજબ હતી :

૧ ગણપતિ કે કુલપ્રમુખ (જનપદનો રાજા) ધીમે ધીમે વંશપરંપરાગત બનવા લાગ્યા. આમાંથી લડાયક, ક્ષત્રિયોનું વર્ચસ્વ વધવા લાગ્યું. તેને કારણે

બ્રાહ્મણ, વૈશ્ય, શૂદ્રો, દ્વિતીય શ્રેણીની જ્ઞાતિઓ તરીકે બની ગઈ. તેમનું મહત્ત્વ ગૌણ બની ગયું. સહુથી વધુ હાનિ બ્રાહ્મણોને થઈ. ક્ષત્રિયોમાં રાજાઓ, ઉમરાવો નિર્માણ થવા લાગ્યાં. ધીમે ધીમે સમાજની, લોકોની સત્તા ઉપર અંકુશો આવવા લાગ્યા. સમગ્ર ભારતમાં આ રીતે સર્વસાધારણ રાજ્ય વ્યવસ્થાનો ઢાંચો તૈયાર થયો, છતાં પ્રદેશ મુજબ દરેકની વિશિષ્ઠ ખૂબીઓ તો હતી જ.

લોકોમાં ગણતંત્રનો પ્રકાર વધારે સારો ગણાતો. બુદ્ધની એક ઉક્તિ જણાવે છે કે જ્યાં સુધી ગણતંત્ર સાચા અર્થમાં સુગઠિત અને સશક્ત હશે ત્યાં સુધી મગધના સામ્રાજ્યનો પણ તે યશસ્વી રીતે સામનો કરી શકશે. કોઈપણ રાજ્યની કોઈપણ ગણતંત્ર સાથેની મૈત્રીને રાજ્ય વ્યવસ્થામાં મહત્ત્વ અપાતું.

ગણતંત્રને ઉખાડવું સહુથી મુશ્કેલ ગણાતું. તે શ્રેષ્ઠ શસ્ત્રાસ્ત્રથી નમતું નથી. મેકિયાવેલી (Machiavellian) પદ્ધતિથી જ તે નષ્ટ થશે. મેકિયાવેલીએ દર્શાવેલા ઉપાયો ગ્રીસનાં ફિલિપ ઑફ મેસિડોને (Philip of Macedon) વાપરેલી. તેના મતે ગણતંત્રની આંતરિક એકતાને ભાંગી નાખો અને તેના મજબૂત બંધારણની ક્ષમતાને નુકસાન કરો તો જ તે ગણતંત્ર વિખવાદમાં સપડાઈ પોતાની મેળે નષ્ટ થઈ જાય છે. ગણતંત્રની ચરમસીમા ઈ.સ.પૂ.છઠ્ઠા સૈકામાં નોંધાએલી છે. તેના ઉપરથી તેની પ્રાચીનતાનો ખ્યાલ આવશે. ગ્રીસનાં નાગરિક-મંડળોની વ્યવસ્થાના તે સમકાલિન હતાં, પણ ભારતીય ગણતંત્ર વધારે મજબૂત રહ્યું હતું. તેમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય વધારે હતું તેમ જ રાષ્ટ્રભાવના અને સંઘ-શક્તિ પણ પ્રબળ હતી. તેથી જ ચંદ્રગુપ્ત અને અશોકના બલાઢ્ય સામ્રાજ્યવાદ સામે પણ તેઓ ટકી રહ્યાં હતાં. પણ તેઓ આંતરિક-જીવન વિકસાવવાને મહત્ત્વ આપતાં હતાં, તેથી રોમના ગણતંત્ર જેવું આક્રમક વલણ તેઓમાં નહોતું. તેમ જ કઠોર રાજ્ય-વ્યવસ્થા પણ નહોતી. રોમન લોકો બાહ્ય-જીવનને જ મહત્ત્વનું ગણતા, જ્યારે આ ગણતંત્રો બાહ્ય-જીવનને આંતરિક-જીવનના એક જરૂરી આધાર તરીકે જોતા. આ બન્ને વચ્ચેનો મૂળભૂત તફાવત જ આને કારણીભૂત હતો. તેથી જ સિકંદર સામે પૌરવ (પુરવંશીય) ગણરાજ્ય ભાંગી પડ્યું પણ તે પ્રસંગથી ગણતંત્રોના એકીકરણની ભાવના તીવ્ર બની; જેનો ફાયદો ચાણક્ય અને ચંદ્રગુપ્તે યોગ્ય-અર્થમાં લીધો. આ પછી જાણે ગણતંત્ર પદ્ધતિની અવકળા અને રાજાશાહી રાજ્યનાં વિકાસનો તબક્કો શરૂ થયો. પણ આમાં રાજાશાહી સરમુખત્યારી નહોતી. ચાણક્યનું અર્થશાસ્ત્ર આનું પુરાવારૂપ છે, જેમાં રાજાનાં જીવનનો દૈનંદિન કાર્યક્રમ આંકી આપેલો છે. 'અર્થ'નો અર્થ આજનાં અર્થ શબ્દનો જે લેવાય તે નહોતો. અર્થ એટલે ચાર

પુરુષાર્થમાંનો બીજો પુરુષાર્થ. તેમાં રાજ્ય વ્યવસ્થાને અને રાજકીય જીવનને મહત્ત્વ આપવામાં આવેલું છે, તેથી જ ચાણક્યના રાજ્યશાસ્ત્રને 'અર્થશાસ્ત્ર' નામ આપેલું છે. રાજા વહીવટી સત્તાનો, સંરક્ષણ સંસ્થાનો અને ન્યાય-સંસ્થાનો ઉપરી ગણાતો. પણ તેમને તેમના સલ્લાગાર સમિતિ તરીકે મંત્રીમંડળ, ધર્મસભા અને શ્રેષ્ઠીમંડળ હતું. અન્ય જાહેર સત્તાઓ બાબતે તેની સત્તા મર્યાદિત ગણાતી. સારાંશ તે બંધારણીય ઉપરી (constitutional-head) ગણાતો. તેને રાજધર્મ પાળવો જ પડતો. તેમાં પ્રજાનું ધાર્મિક, નૈતિક, સામાજિક, આર્થિક, રાજકીય, કાનૂની તથા પ્રથા-પરંપરાના નિયમાનુસાર શાસન કરવું પડતું. ધર્મ સર્વોપરિ ગણાતો, બ્રાહ્મણો તેના વ્યાખ્યાતા અને ગ્રંથોના અધ્યયનથી જાણકાર ગણાતા, ધર્મનાં સર્જકો નહિ. રાજા ધર્મનો સેવક ગણાતો અને તે મુજબનું જ તેનું વ્યક્તિગત જીવન તેને ઢાળવું પડતું. ધર્મ એક જીવંત વાસ્તવિકતા હતી, ન કે નિર્જીવ કર્મકાંડ. રાજા તેથી સીધેસીધો કાયદો ઘડી શકતો નહિ. તેને બંધારણીય-પ્રક્રિયામાંથી પસાર કરવો જ પડતો.રાજા ફક્ત ધર્મની આજ્ઞાઓના અમલીકર્તા (executive) હતો. અશોકનાં ધાર્મિક ફરમાનો પણ ભલામણ રૂપ હતાં. રાજાના આજ્ઞાસ્વરૂપ નહોતા એ આ બાબતનો પુરાવો છે. રાજા પોતે કોઈપણ વ્યક્તિગત ધર્મમાં માને તો પણ અન્યોના ધર્મની તેને કદર કરવાની રહેતી અને તેમને પણ યથાયોગ્ય મદદ કરવી પડતી. અશોક પછી બૌદ્ધ અને બ્રાહ્મણ બે પ્રકારના ધર્મો વચ્ચે તફાવત પડ્યો, પણ ધાર્મિક અત્યાચાર થયો નહોતો.

સામાજિક જીવનમાં રાજા દખલગીરી કરતો નહિ, પણ સાચા ભાવે તેનું સ્તર સુધારવાનો પ્રયત્ન કરતો. દા.ત. બૌદ્ધધર્મને લીધે વર્ણવ્યવસ્થા ભાંગવા લાગી, ત્યારે બંગાલના સેન રાજાઓએ વર્ણવ્યવસ્થાને ફરી સારી રીતે ગોઠવવાનો પ્રયત્ન કરેલ.

આ બધાં નિયંત્રણોને કારણે હુકુમશાહી કે અત્યાચાર ઉપર પૂરેપૂરું નિયંત્રણ રાખવામાં પ્રજા યશસ્વી થએલી. રાજા જો રાજધર્મનું પાલન ન કરે તો તેને રાજ્યભ્રષ્ટ કરવાનો અધિકાર ધર્મસભા અને શ્રેષ્ઠી મંડળને હતો. મનુસ્મૃતિમાં ઉલ્લેખ છે કે અન્યાયી અને જુલમી રાજાને હડકાયા કૂતરાની જેમ મારી નાખવો એ પ્રજાનો ધર્મ છે.

રાજાને ઈશ્વરદત્ત અનિયંત્રિત અધિકાર છે એવો કાયદો નહોતો. રાજાને પ્રભુનો અંશ માનવાનો ભાવ જરૂર હતો, પણ તે બધાં જ ક્ષેત્રનાં ઉત્તમોત્તમ વ્યક્તિઓ માટે હતો. તેમને વિભૂતિ ગણવામાં આવતી (જુઓ વિભૂતિ યોગ -ગીતા) સત્તરમી સદીમાં દક્ષિણના એક રાજાને અત્યાચારને કારણે પદભ્રષ્ટ કરાએલો અને તેને મદદ કરવી પણ દેશદ્રોહ ગણવામાં આવેલો.

યોગમાર્ગોનો સમન્વય

- શ્રી અરવિન્દ

યોગની પ્રણાલીઓ

પ્રકરણ - ૫ (ચાલુ)

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ પ્રકૃતિએ જે પાયો ઊભો કર્યો છે, તે જ પાયો તેમના સમન્વય માટે તદ્દન સ્વાભાવિક જણાશે.પૃ.૩૬

૨ યોગ કરવો હોય તો ત્રણ બાબતો સ્વીકારવી જ પડશે - પ્રભુ, પ્રકૃતિ અને માનવ-આત્મા.પૃ.૩૭

૩ ભારતમાં જે - યોગમાર્ગો હયાત છે તેના સીડીનાં પગથિયાંની જેમ ઉપર ચડતાં જતાં ક્રમે ગોઠવાએલાં છે.પૃ.૩૮

૪ હઠયોગનું ધ્યેય છે પ્રાણ અને શરીર ઉપર વિજય. પૃ.૩૯

૫ રાજયોગનું - લક્ષ્ય છે : ..... મનની મુક્તિ અને પૂર્ણતા.પૃ.૪૧

૬ જ્ઞાનયોગનું લક્ષ્ય છે એક અને અદ્વિતીય એવા પરમાત્માનો સાક્ષાત્કાર.પૃ.૪૩

૭ ભક્તિયોગનું લક્ષ્ય છે પરમ-પ્રેમ અને પરમ-આનંદનો લહાવો.પૃ.૪૪

૮ કર્મયોગનું લક્ષ્ય છે માનવની દરેક પ્રવૃત્તિનું ઈશ્વરેચ્છાને સમર્પણ.પૃ.૪૫

૯ સમન્વયની દૃષ્ટિથી જોતાં આ ત્રણેય માર્ગો છેવટે તો એક જણાશે.પૃ.૪૬

પ્રકૃતિ પોતે યોગ કરી રહી છે. તે પોતાનાં જ તત્ત્વોને વિકસાવી, તેમાં સમન્વય સાધી વિશાળ પાયો રચવામાં જ મશગૂલ છે. તે પાયાનું સ્વરૂપ સમજશું તો વિવિધ યોગ પ્રણાલીઓનો સમન્વય પણ આપણે નૈસર્ગિક રીતે કરી શકશું.

પ્રકૃતિ પોતે ઝીલેલી પ્રભુની લીલા અને સર્જન દ્વારા પ્રભુ સાથે મિલન સાધવા પ્રયત્ન કરે છે. તેમાં પ્રભુની સક્રિય બાજુનું જ પ્રતિબિંબ આગળ પડતું ઝીલાએલું હોય છે, તેથી તે પ્રભુના સક્રિય પાસાનો સાક્ષાત્કાર કરે છે. પ્રભુની નિષ્ક્રિય બાજુનું પ્રતિબિંબ તેણે ઝીલેલું તો હોય છે પણ તે પાર્શ્વ-ભૂમિમાં નિરવતા, વિશાળતા, પ્રકાશમયતા તરીકે રહી જાય છે. યોગ આ પ્રકૃતિના બાકી કાર્યને પણ ઉપાડી લે છે, કારણ માનવ પણ આખરે પ્રકૃતિનો જ સહુથી વિકસિત ભાગ છે; એટલું જ નહિ તે આ પ્રભુના સક્રિય અને નિષ્ક્રિય પાસાંઓનો સમન્વય સાધવા પણ પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન તે જ પૂર્ણયોગ છે.

પ્રકૃતિની સર્વ સામાન્ય ઉત્ક્રાંતિ વધારે ઊર્ધ્વ કક્ષાએ હોય છે. જેમ સમુદ્રની સપાટી કરતાં લહેરની ઊંચાઈ વધુ હોય છે તેવો આ કિસ્સો છે.યોગના ત્રણ મૂળભૂત પાયા છેઃ (૧) વિશ્વાતીત (પ્રભુ) (૨) વૈશ્વિકતત્ત્વ (૩) વ્યક્તિગત તત્ત્વ (જીવ). પ્રભુ પ્રકૃતિ અને જીવને વિકાસ પામવા ઊર્ધ્વમાંથી ખેંચાણ નિર્માણ કરે છે અને તેથી વ્યક્તિ અને પ્રકૃતિ પોતાની ક્ષમતાનુસાર ઉત્ક્રાંતિ સાધે છે. તેથી દરેક યોગપ્રણાલી ઈશ્વર, પ્રભુ, પરાત્પર આત્માનો સ્વીકાર કરે જ છે. નામ કદાચ જુદા વાપરે. દરેક પ્રણાલીની વિભાવના જુદી જુદી હોઈ શકે છે.

ભક્તિયોગ ઊર્મિતત્ત્વનો ઉપયોગ કરીને યોગપ્રણાલી રચે છે. પરાત્પર પ્રભુ વ્યક્તિ દ્વારા પોતાનો આવિર્ભાવ ઝંખે છે, ત્યારે પરાત્પર પ્રભુ સાથેની એકરૂપતા ઝંખે છે.

જ્ઞાનયોગ બુદ્ધિ અને પ્રજ્ઞાનો ઉપયોગ કરી પ્રભુની અભિવ્યક્તિની પ્રક્રિયા સમજી તેની ઉપર પોતાની પ્રણાલી ઊભી કરે છે. પ્રભુ સાથેની એકરૂપતા કયા સ્વરૂપની છે તેનું જ્ઞાન મેળવે છે.

કર્મયોગ પ્રભુ સાથેની એકરૂપતાને ભૌતિકસ્તરે સક્રિય રીતે કર્મો દ્વારા પ્રગટ કરવા મથે છે. તે શરીરનો ઉપયોગ કરે છે. તેના મતે કર્મ એ યજ્ઞ છે, પ્રભુ સાથે એકરૂપ થવાનું સાધન છે.

આવી રીતે ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગ પ્રભુ સાથે એકરૂપ થઈને તેમના દિવ્ય આનંદ, સૌંદર્ય અને પૂર્ણતાને ભૌતિક જીવન દ્વારા પણ માણવા પ્રયત્ન કરે છે.

આમ સાધના માટે ત્રણે માર્ગનો સ્વીકાર કરવો જરૂરી છે. માનવી ચેતના અને પરાત્પર ચેતનાનું મિલન એ યોગોનો હેતુ છે. આવું મિલન આપણા સંકુલ સ્વરૂપમાંના કોઈપણ એક તત્ત્વ દ્વારા પણ થઈ શકે છે, પણ તે આંશિક સ્વરૂપનું હોય છે, પૂર્ણસ્વરૂપનું હોતું નથી.

ભારતીય યોગપ્રણાલીઓ સીડીનાં પગથિયાંની જેમ ચડતાક્રમે ગોઠવી શકાય છે. સહુથી નીચેનું પગથિયું છે શરીર. હઠયોગ તેને માધ્યમ બનાવે છે. રાજયોગમાં જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ અને કર્મમાર્ગ ત્રણેનો સમાવેશ થાય છે, કારણ તે મનને માધ્યમ તરીકે વાપરે છે. મનનાં જ બુદ્ધિ, હૃદય અને સૂક્ષ્મ પાર્થિવતત્ત્વ આ ત્રણ અંગો છે.

પ્રાણશક્તિ એ જીવનશક્તિ છે. તે બધા જ યોગપ્રણાલીમાં જુદી જુદી રીતે વપરાય છે; તેથી હઠયોગમાં અને ઉપરનાં ત્રણે જ્ઞાનયોગ વગેરેમાં તે વપરાતું જ હોય છે.

(પૃ.૧૬ ઉપર)

સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

ચેતનાનો વર્ષાવ

(ખં ૨-પૃ.૯-૧૧) પ્રકરણ - ૧

ભાવાનુવાદ - માનસિંહ ચાવડા

વાર્તાલાપો નહીં - આ તો ચેતનાનો વર્ષાવ છે.

શ્રી અરવિન્દ અને શ્રી માતાજી ૧૯૨૨માં ૯, રુ-ડી-લા મરિનમાં રહેવા આવ્યાં. પુરાણીજી ૧૯૨૩માં આશ્રમમાં આવ્યા. તેમણે વાર્તાલાપોની નોંધ રાખવાની શરૂઆત કરી. શ્રી અરવિન્દની તેવી કોઈ સૂચના નહોતી, પણ નોંધો પુરાણીજીએ પોતાને માટે કરી હતી.

વર્ષો વીતતાં ગયાં તેમ વાર્તાલાપોનો સમય અને શ્રોતાઓની સંખ્યામાંનો વધારો વધતો ગયો. નિયત સમયે બધા શિષ્યો આવી જતા. હળવા અવાજે ઘુસપુસ કરતા, છેલ્લે શ્રી અરવિન્દ આવતા. તરત શાંતિ પથરાઈ જતી.

શ્રી અરવિન્દ માત્ર ધોતી પહેરતા. તેના થોડાક ભાગથી ઉપલા શરીરને ઢાંકતા. વરંડામાંથી આકાશનો થોડોક ભાગ દેખાતો. શ્રી અરવિન્દ થોડીક ક્ષણો આકાશ ઉપર મીટ માંડી શાંત બેસી રહેતા. કોઈક વખત પ્રશ્નોના જવાબ હા કે ના એવા ટૂંકામાં રહેતા. તેઓ સદા અંતમુર્ખ રહેતા એવું જ લાગતું.

વાર્તાલાપ અનૌપચારિક કોઈ વિષય ઉપરથી શરૂ થતો. વાતાવરણમાં ઉત્કટતા રહેતી, પણ હાસ્ય મજાકની હળવી પળો પણ આવતી.

આ વાર્તાલાપોથી શ્રી અરવિન્દને બાહ્ય ઘટનાઓનો ખ્યાલ આવતો, જ્યારે સાધકોને બાહ્ય તથા આંતરિક વાતાવરણને જાણવાની તક મળતી. પણ એકંદરે ત્યાં ઉચ્ચત્તર ચેતનાનું વાતાવરણ તૈયાર થતું. શ્રી અરવિન્દ પોતાનું મંતવ્ય સત્તાશીલ અવાજે કોઈ વખત રજૂ કરતાં નહી. બિનઅંગતતા વધારે દેખાતી.

તેમની નમ્રતા તો જુઓ ! ભોજનખંડમાં જતી વખતે તેમના હાથમાં તારનો મસુદો હોય. તેઓ અધવચ્ચે જ ઊભા રહેતા. શિષ્યો ભેગા થાય તો કહેતા, ''હું ધારું છું કે આ તાર મોકલવો જોઈએ.'' કોઈ શિષ્ય તે કામ ઉપાડી લેતો.

૧૯૨૨થી ૧૯૨૬ આવી બેઠકો ઉપરના સ્થળે ચાલી. ૪.૩૦ના ધ્યાન બાદ બેઠક શરૂ થતી. પણ ૨૪ નવે. ૧૯૨૬ પછી મોડી થતી ગઈ. છેલ્લે રાત્રે એક વાગે ભરાવા લાગી. પછી બંધ થઈ ગઈ. શ્રી અરવિન્દે સંપૂર્ણ નિવૃત્તિ લીધી.

શ્રી અરવિન્દ ટેબલ પાછળની ખુરશીમાં બેસતા. ટેબલ ઉપર ભૂરો સૂતરાઉ ટેબલક્લોથ હતો, સામે થોડીક ખુરશીઓ રહેતી. તેમાં મુલાકાતીઓ બેસતા. ટેબલ ઉપર નાનકડી ફૂલદાની, એક એશ ટ્રે, એક તારીખનું બ્લોક કેલેંડર અને એક ઘડિયાળ રહેતી.

આ વાર્તાલાપો ઘણું કહી જાય છે. -સાધના વિષે (ક્રમશઃ)

સુંદર કથાઓ

- માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

પ્રેમનો મહિમા

(પેજ - ૮૯-૯૦)

હલકી વરણનો એક શિકારી. શિકાર કરીને પોતાના કુટુંબનું પાલનપોષણ કરે. એક દિવસ તે શિકાર કરવા જંગલમાં ગયો. આખો દિવસ રખડ્યો. શિકાર ન મળ્યો. મૂંઝાયો. ભૂખ્યા કકળતા બાળકોને તે જોઈ શકતો નહોતો, તેથી ઝાડ ઉપર ચડી રાત્રે શિકાર કરીને જ ઘેરે જવાનો નિર્ણય કર્યો. તે એક ઝાડ ઉપર ચડ્યો. તે બિલીનું ઝાડ હતું. રાત પસાર થવા લાગી. શિકાર દેખાયો નહિ. તે પાંદડાં તોડી નીચે નાંખવા લાગ્યો અને પોતાની અસહાયતા માટે રડવા લાગ્યો. તેનાં આંસુ ઝાડની નીચેના શિવલિંગ ઉપર પડ્યાં. બિલીપત્ર પણ ચડ્યાં.

ત્યાં તે ઝાડ ઉપર એક નાગ રહે. તે પણ શિકાર માટે ઝાડ ઉપરથી નીચે ઉતરવા પ્રયત્ન કરી રહ્યો હતો, પણ વચમાં પારધી બેઠો હતો. તેણે અકળાઈને તેને દંશ કર્યો. નાગ ઝેરી હતો. શિકારી મરી ગયો, પણ આશ્ચર્ય થયું.

દેવદૂતો તેને લેવા આવ્યા અને સન્માન સાથે સ્વર્ગમાં લઈ ગયાં. સ્વર્ગના દેવો બોલવા લાગ્યાં :

''અરે, આ મૂર્ખને અહીં શા માટે લાવ્યા ? તેને નરકમાં લઈ જાઓ, તે તો હિંસા અને પાપ કરીને જ પોતાનું પેટ ભરે છે.''

ત્યાં ભગવાન શિવ પ્રગટ થયાં બોલ્યાં:

''આજે શિવરાત્રીને દિવસે તેણે મને ફક્ત બિલીપત્રો નથી ચડાવ્યાં, પણ પોતાના સાચા હ્રદયનાં આસુંથી પણ અભિષેક કર્યો છે. તે સ્વર્ગમાં રહેવાને જ પાત્ર છે,''

પ્રેમ અને સાચા દિલની કોઈ કિંમત આંકી શકતું નથી. દેવો પણ નહિ.

આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન જૂનનાં ૨૦૧૦ના Next Futureનો સાર - સાભાર)

મધુરાધિપતેરખિલંમધુરમ્

શું કોઈ વખત એવું થયું છે કે તમે ચા કે કૉફીનો ઘૂંટડો ભરો અને તેની કડવાશથી મુડ બગડી જાય ? ચા આપનાર પ્રત્યે તમે કઠોરતાથી જુઓ, અને પછી ખબર પડે કે પોતે જ ચામાં ખાંડ નાખવાનું ભૂલી ગયા છો. તેથી પોતે જ શરમાઈ જાવ. પછી ખબર પડે કે ખાંડ તો નાખેલી જ ફક્ત હલાવી ઓગાળવાની રહી ગઈ છે, કારણ ખાંડ તો શાંતિથી કપના તળિએ પડી હતી.

જીવન આવું જ છે, ઘણી મધુરતા તેમાં છે છતાં કડવાશની ક્ષણો પણ છે. પણ તેનું કારણ જીવનની મધુરતાને જીવનમાં ઘોળવાનું જ ભૂલાઈ ગયાનું હોય છે. તે મધુરતા સતત હાજર જ છે. તે છે મધુર પ્રભુ. આપણી સાથે જ છે અને જીવનમાં લાવવાની વાટ જોતાં હોય છે. બસ ફક્ત તેને જીવનમાં સક્રિય કરો અને જીવન મધુરતમ બની જાય છે. તેથી કોઈ વખત હૃદયમાં અસંતોષ જન્મે, તો કોઈ ઉપર આળ મૂકવાની ઉતાવળ કરતા નહિ. ત્યારે ફક્ત તે સદાહાજર મધુરતાને શોધવાની છે અને જીવનમાં ઘોળવાની છે.

જીવનને પ્રભુના નિજાનંદનું ઘોળવું બનાવી નાખશો તો વેદોની ભાષામાં જેને સોમરસ-પાન કહે છે તેનો લહાવો અચૂક મળશે.

તેથી શ્રી અરવિન્દ કહે છે કે જગતની પાછળ રહેલા અવ્યક્ત આનંદને પ્રગટ કરવાની કલા એટલે જ દિવ્ય-જીવન. તે માટેનો યોગ તે જ પૂર્ણયોગ.

ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

મધુવિદ્યા

પ્રકરણ-૧૯ (બૃહદારણ્યક - ૨-૫)

જંગલમાંનાં વિવિધ ફૂલોનું સારભૂત તત્ત્વ એટલે મધ. તેમ વિવિધ માનવોમાંનું સારભૂત તત્ત્વ એટલે આત્મતત્ત્વ. ફૂલ બે દિવસમાં કરમાઈ જાય પણ મધ વરસોવરસ સારું રહે. માનવો મરી જાય પણ આત્મતત્ત્વ સનાતન ટકે.

સારભૂત તત્ત્વ એટલે શ્રેષ્ઠતમ તત્ત્વ. શ્રેષ્ઠ તત્ત્વ છે તેનો નિર્ણય બે રીતે લેવાય છે :

૧ તે સર્વમાં સમાન તત્ત્વ હોવું જોઈએ.

૨ તે તે તત્ત્વની સર્વોત્કૃષ્ટ અભિવ્યક્તિ પણ હોવી જોઈએ. આ બે પૈકી એક ગુણ હોય તો પણ તે તત્ત્વને શ્રેષ્ઠ ગણવું જોઈએ.

સમાનતાની દૃષ્ટિએ અર્થાત્ પ્રથમ સિદ્ધાંતની દૃષ્ટિએ બધાં જ પ્રાણી માત્રમાં, પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ આ પંચ મહાભૂતો તેમ જ તેમનામાં રહેલ સૂક્ષ્મ તત્ત્વોમાં આત્મા (આદિત્ય), મન (ચંદ્ર), પ્રાણ (વિદ્યુત), બુદ્ધિ (મેઘા), અહંકાર (માનુષ) તેમ જ આધ્યાત્મિક તત્ત્વોમાં ધર્મ, સત્ય આ સમાન તત્ત્વો હોવાથી તે પ્રાણીમાત્રમાંના સારભૂત તત્ત્વો અર્થાત્ મધુ છે એમ આ વિદ્યા જણાવે છે.

બીજા સિદ્ધાંત પ્રમાણે સર્વોત્કૃષ્ટ અભિવ્યક્તિ તરીકે આજના તબક્કે માનવ આ બધાં જ તત્ત્વોનું સારભૂત તત્ત્વ ગણાય, તેથી તે મધુ છે.

આ બધાં તત્ત્વો અને મનુષ્ય સારભૂત તત્ત્વ છે તે કાંઈ પોતાના જ ગુણધર્મોને લીધે નહિ, પણ તે બધા જ આત્માની અભિવ્યક્તિસ્વરૂપ છે, તેથી જ તેઓ સારભૂત કે મધુ બન્યાં છે. આત્મા સર્વવ્યાપી હોવાથી તે તત્ત્વોમાં સમાનતા આવી છે. આત્મા સર્વશ્રેષ્ઠ હોવાથી જ માનવ સર્વોત્કૃષ્ટ યોનિ બની છે.

જેમ રથનાં પૈડાંના આરા અંતે તેના કેન્દ્રસ્થ નાભિમાં એકરૂપ થઈ જાય છે તેમ આ આત્મતત્ત્વમાં જ બધાં આવીને મળે છે.

મધુવિદ્યાનું મહત્ત્વ એ છે કે જીવનને મધુરભાવોથી ભરી દેવું હોય, સુંદરભાવોથી ભરી દેવું હોય, તો આત્મભાવ ધારણ કરીને જીવવા સિવાય બીજો

ઉપાય નથી. આપણું પ્રકાશમય મન (ઈન્દ્ર) જ્યારે આત્માના પ્રકાશથી ઉભરાવા માંડે છે ત્યારે તે મધુરતાને જન્મ આપે છે. તેથી આ મધુવિદ્યાના ખાસ જાણકાર ઈન્દ્ર પોતે જ છે એમ વેદો જણાવે છે. અને તે જ આ વિદ્યાની રક્ષા પણ કરે છે. આ વિદ્યાનું મહત્ત્વ દર્શાવતી એક આખ્યાયિકા છે.

આ મધુવિદ્યાનાં જાણકાર દધ્યંગાથર્વણ ઋષિ હતાં. તેમને આ વિદ્યા અન્યને શીખવવાની ઈન્દ્રે ના પાડેલી. શીખવશે તો તેમનો શિરચ્છેદ થઈ જશે એમ કહેલું.

અશ્વિનીકુમારને આ વિદ્યા શીખવાનું મન થયું. તેમને ઈન્દ્રનો નકાર જણાતા તેમણે ઋષિને એક ઉપાય દર્શાવ્યો. તેઓ અશ્વિનીકુમારો પોતે આયુર્વેદના જાણકાર હોવાથી તેમનું મસ્તક કાપીને તે છુપાવી રાખે અને તેને જીવતું રાખે. ઋષિનાં ધડ ઉપર અશ્વનું મસ્તક ચોટાડી દે. ઋષિ તે પછી તેમને મધુવિદ્યા શીખવે. ઈન્દ્ર જ્યારે ઋષિનું ઘોડાનું મસ્તક કાપી નાંખે ત્યારે તેઓ તે મૂળ મસ્તક લાવી ઋષિનાં ધડને ચોંટાડી તેમને બચાવી લે.

અને તે પ્રમાણે જ બધી ઘટનાઓ બની. પણ આથી લોકોને મધુવિદ્યા જાણવા મળી, એ મોટો ફાયદો છે. આ આખ્યાનનું રહસ્ય શું?

આત્મતત્ત્વ તો નિરાકાર અને અસીમ છે. અરૂપ છે. તેણે પોતાનાં જ આનંદરૂપ મધુનો સ્વાદ લેવા અનંત રૂપો ધારણ કર્યાં (ઈન્દ્રો માયાભિઃ પુરુરુપો ઈયતે) અને પોતે જ પોતાનો આનંદ લૂટ્યો. જેમ ગાય પોતાનાં જ આંચળમાંથી પોતાનાં જ દૂધનો આસ્વાદ માણે તેવી આ ઘટના બની.

જગતના નિર્માણનો હેતુ આ આનંદ લૂટવો એ છે. આ આનંદ લૂટવાની કળા એટલે જ મધુવિદ્યા. આત્માની જ લીલા જોવાની સાધના વગર આ વિદ્યા પ્રાપ્ત થતી નથી. અહીં અથર્વણ ઋષિ એટલે આત્મતત્ત્વ. અથર્વ એટલે નિષ્કંપ. તેને પ્રાણ, શક્તિ કંપિત કરે છે અને તેનું મૂળ સ્વરૂપ જાણે નષ્ટ કરે છે. પ્રાણશક્તિનું પ્રતીક અશ્વ છે. આ છે અથર્વણ ઋષિનો શિરચ્છેદ અને ઘોડાનું મસ્તક બેસાડવું. પણ આત્મતત્ત્વ પોતે જ પ્રેરણા આપી માનવને યોગ સાધના કરતા શીખવે છે. આ છે અશ્વિનીકુમારોને ઉપદેશ. માનવ માનવ તરીકે રહીને પણ આત્મતત્ત્વની લીલા માણે છે. આ છે ઋષિના મૂળ મસ્તકની પ્રાપ્તિ.

અશ્વિનીકુમાર એટલે પ્રાણ અને અપાન વાયુ જે યોગવિદ્યામાં ખૂબ જ મહત્ત્વનાં છે.

આ છે આ આખ્યાનનું રહસ્ય.

વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

વૈદિક કર્મકાંડ
વૈશ્વદેવ યજ્ઞ (૧)

'યજ' એટલે હોમવું અથવા અવતરણ કરાવવું. શરીરમાં પ્રકાશસ્વરૂપ ચેતના વિકસાવવા સતત ઉત્ક્રાંતિનું કાર્ય કરતી હોય છે. તેના પાર્થિવ કક્ષાના સ્વરૂપને 'ઓજસ' કહે છે. આ ઓજસ જ આપણા ભૌતિક જીવનને ટકાવી રાખનારું, પોષણ આપનારું તત્ત્વ છે ('ધારમ્યાહમ્ ઓજસા' ગીતા અ.૧૫) તે શરીરમાંના સપ્ત ધાતુ મારફત ચેતનાને ટકાવી રાખે છે, તેથી તે સપ્ત ધાતુને 'ધાતુ' કહે છે. ધારણ કરે તે ધાતુ. આ ઓજસને પોષણ પ્રકાશસ્વરૂપ વિશ્વ-શક્તિઓ આપે છે, જેમને 'વિશ્વદેવો' કહેવામાં આવે છે. દેવનો અર્થ છે પ્રકાશમય ચેતના.

આ વૈશ્વિક દેવો સાથે સંવાદમાં રહી ઊર્જા પ્રાપ્તિની પ્રક્રિયા એટલે વૈશ્વદેવ યજ્ઞ. તેના નીચેના મંત્રો આ પ્રક્રિયા સ્પષ્ટ કરે છે. કઠોપનિષદમાં ત્રિણાચિકેત અગ્નિની ઉપાસના એટલે જ આ વૈશ્વદેવ યજ્ઞ. ત્રણ શરીરની ત્રણ ચેતના એ જ ધુમાડા વગરનો (અનિચિકેત) અગ્નિ છે. પ્રાજ્ઞ, તેજસ અને વૈશ્વાનર એ જ ત્રણ અગ્નિ છે.

નીચેની વિભાવનાઓથી આ યજ્ઞની શરૂઆત થાય છે. (શ્રીકૃષ્ણ અને શ્રી અરવિન્દ આને આંતર-યજ્ઞ કહે છે.) પ્રથમ 'આચમન' પ્રક્રિયા છે. જ્યારે કોઈ અવતરણ પ્રક્રિયા કટકે કટકે કરીએ તો તેને 'આચમન' કહે છે. ઘૂંટડે ઘૂંટડે પાણી પીવું એ આચમન છે. પાણી એ નિરાકાર ચેતનાનું પ્રતીક છે, કારણ પાણીને પોતાનો આકાર નથી. 'સ્વાહા'નો અર્થ છે એકરૂપ થઈ જવું.

૧ **ૐ અમૃતોપસ્તરણમસિ સ્વાહા।**

સ્વ-મધ્યે જુહોતિ અર્થાત્ પોતાની અંદર અવતરણ કરાવવું અને તેને પોતાનું પૂર્ણ સમર્પણ (સ્વં જુહાતિ ઈતિ) કરવું એટલે સ્વાહા. હું પેલી સનાતન ઓજસ ચેતના (અમૃત) જે મારા સમગ્ર જીવનનો આધાર છે (ઉપસ્તરણમ્ અસિ) તેને મારા શરીરમાં અવતરણ કરાવી રહ્યો છું. (સ્વાહા)

૨ **ૐ અમૃતાપિધાનમસિ સ્વાહા।**

હું પેલી મારામાં વ્યાપ્ત (અપિધાનં અસિ) સનાતન ઓજસ-ચેતના સાથે એકરૂપ

થઈ રહ્યો છું.

૩ **ૐ સત્યં યશઃ શ્રીર્મયિ શ્રીઃ શ્રયતાં સ્વાહા।**

હું તે મારામાં સત્યનો પ્રકાશ પાડનાર (સત્યં), મારી સાધનાને યશઃ અપાવનાર (યશઃ), મારામાં દૈવિ-સંપત્તિ અર્થાત્ દિવ્યગુણો નિર્માણ કરનાર (શ્રીર્મયિ), સનાતન ઓજસ ચેતના સ્વરૂપ (મહાલક્ષ્મી)ને મારામાં અવતરણ પામતાં (શ્રી શ્રીયતામ્ સ્વાહા) અનુભવી રહ્યો છું.

આ અવતરણ પામતી દિવ્ય-ચેતના એ પ્રથમ આચમનનો તબક્કો છે. હવે તેને શરીરનાં અવયવોમાં સ્થિર કરવાનો બીજો તબક્કો શરૂ થાય છે. તે પ્રકાશના સ્પર્શના જે આંતરિક શારીરિક સંવેદનો અનુભવાય છે તેને 'અંગસ્પર્શ' કહે છે, તેના મંત્રો જોઈએ :

૧ **ૐ વાંગ્ મે આસ્યેસ્તુ।**

મારા શબ્દોમાં (વાંગ્) સત્યની અનુભૂતિઓ પ્રગટ થાય (આસ્યેસ્તુ) વાક્-શક્તિ પ્રગટ થાય.

૨ **ૐ નશોર્મે પ્રાણોસ્તુ।**

મારાં(મે) નસકોરામાં (નશોઃ) પ્રાણશક્તિનો સંચાર થાય (પ્રાણોસ્તુ) અર્થાત્ મને સાધના માટે દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય.

૩ **ૐ અક્ષોર્મે ચક્ષુ રસ્તુ॥**

મારી(મે)આંખોમાં (અક્ષણોઃ) સૂક્ષ્મ-દર્શનો જોવાની ક્ષમતા (ચક્ષુઃ) નિર્માણ થાય (અસ્તુ)

૪ **ૐ કર્ણયોર્મે શ્રોત મસ્તુ।**

મારા કાનોમાં (કર્ણયોઃ) આત્માનો અવાજ અને દિવ્ય-શબ્દો-શ્રુતિ-સાંભળવાની ક્ષમતા (શ્રોતમ્) વિકાસ પામો.

૫ **ૐ બાહોર્મે બલમસ્તુ।**

મારા (મે) બાહુઓ સ્વરૂપ કર્મ કરવાની શક્તિમાં (બાહોઃ) દિવ્ય-બળનો સંચાર થાય.

૬ **ૐ મસ્તિસ્કે મે સુબુદ્ધિરસ્તુ।**

મારા(મે)મસ્તક સ્વરૂપ ચિંતન-શક્તિમાં (મસ્તિકે) વિવેકબુદ્ધિ સ્વરૂપ સદ્‌બુદ્ધિ (સુબુદ્ધિઃ) સ્થિર થાઓ (અસ્તુ)

૭ **ૐ હૃદયે મે શાંતિ રસ્તુ।**

મારા (મે) ચિત્‌માં (હૃદયે) શાંતિ અને નિરવતા (શાંતિઃ) સ્થિર થાઓ (અસ્તુ)

૮ ૐ ઉર્વોર્મે ઓજો રસ્તુ

મારા(મે)સાથળમાં (ઉર્વોઃ) ઓજસ નિર્માણ થાય (ઓજોરસ્તુ) (વીર્યમાંથી ઓજસ નિર્માણ થાય છે એવો વેદોનો સિદ્ધાંત છે. વીર્ય આ સપ્તધાતુમાંનું સાર તત્ત્વ ગણ્યું છે. તેને તપોબળથી આંતરપ્રકાશ સ્વરૂપ ઓજસમાં રૂપાંતર કરી શકાય છે.)

૯ ૐ અરિષ્ટાનિ મે અંગાનિ તનૂસ્તન્વા મે સંતુ।

મારા(મે) બધાં જ અંગઉપાંગો (અંગાનિ) રોગરહિત (અરિષ્ટાનિ) થઈ રહ્યાં છે અને મારું શરીર (તનૂઃ) પેલા દિવ્ય-પ્રકાશમાંથી પોષણ મેળવીને પ્રકાશમય વિસ્તાર (તન્વા) પામી રહ્યું છે (સંતુ).

હવે પેલો દિવ્ય પ્રકાશ અંગોમાં સ્થિર થયા પછી તેને સમગ્ર શરીરમાં સ્થિર થએલો અનુભવવાની પ્રક્રિયાને **'અગ્નિ-સ્થાપન્'** કહે છે. અગ્નિનો અર્થ છે સ્થિર થએલો પ્રકાશ. 'અ' એટલે અભાવ અને 'ગ' એટલે ગતિ અર્થાત્ સ્થળાંતર. સારાંશ અચલ સ્થિર પ્રકાશ એટલે જ અગ્નિ. તેની સ્થાપના એ જ **'અગ્નિ-સ્થાપનમ્'.** આ સ્થાપના ત્રણે શરીરમાં (ભૌતિક, માનસિક, ચૈતસિક) અનુભવવાની છે.

૧ ૐ ભૂભુર્વસ્વઃ દ્યોઃ ઈવ ભૂમ્ના પૃથિવિ ઈવ વરિમ્ણા, તસ્યાસ્તે પૃથિવિ દેવ યજનિપૃષ્ટે અગ્નિ મન્નાદ કન્નાદ્યાયા દધે (યજુ.૩-૫)

જેમ (ઈવ) વૈશ્વિક સૂક્ષ્મ પાર્થિવ (ભૂઃ) માનસિક (ભુવઃ) ચૈતસિક (સ્વઃ) કક્ષાએ અર્થાત્ સમગ્ર વિશ્વમાં દિવ્ય તેજ (દ્યો) ઓતપ્રોત છે તેમ જ (ઈવ) આ મારા શારીરિક તત્ત્વ (ભૂમ્ના) જે જડ નિર્જીવ ભૌતિક તત્ત્વથી શ્રેષ્ઠ પ્રકારનું છે (વરિમ્ણા) તેમાં પણ ઓતપ્રોત જ છે. તેથી આ શારીરિકતત્ત્વ રૂપી પૃથ્વી (તસ્યાસ્તે પૃથિવિ) જેનાં તદ્દન બાહ્યતમ ભાગમાં પણ (પૃષ્ટે) દેવો તે દિવ્યતેજને સ્થિર કરવા સંઘર્ષ કરતા હોય છે (દેવો યજનિ) તેવા અન્નથી પોષાતા (અન્નાદ્યાયા) આ મારા પાર્થિવશરીરમાં તે પરમચેતનાના (કન્) આંદોલનો (નાદ)માંથી નિર્માણ થએલ ચૈત્યઅગ્નિને (કન્નાદ) હું મારા સમગ્ર શરીરમાં સ્થિર થએલો અનુભવું છું.

હવે આપણે તે ચૈત્યાગ્નિને અભીપ્સાથી વધારે પ્રજ્જવલિત કરી શરીરનું ચૈતસિક-રૂપાંતર સાધવાનું છે અર્થાત્ તેના શુદ્ધિકરણ અને તેને પ્રકાશમય કરવાની પ્રક્રિયા શરૂ કરવાની છે. આને જ **'અગ્નિ-પ્રજવલન'** કહે છે. તેનો મંત્ર અર્થાત્ વિભાવના કરવાની ખાસ પદ્ધતિ છે :

(પૃ.૮ ઉપર)

જપની આવશ્યકતા

(સાભાર - સુંદર જીવન - શ્રી માધવ પંડીત)
(પૃષ્ઠ. ૬૯ - ૭૨)

યોગસાધનામાં આટલા વર્ષો મેં વિતાવ્યા છે તેમાં મને લાગ્યું છે કે જપનો શરીર ઉપર સીધો પ્રભાવ હોય છે. તમે જે વાંચો કે વિચારો છો એ તો મનમાં રહે છે. તમે જે અનુભવો છો એ હૃદયમાં રહે છે. પરંતુ તમે જપ કરો છો તે શરીરની આરપાર ઊતરી જાય છે. આથી શ્રી માતાજી પાછલા વર્ષોમાં સ્થૂળ શરીરના કોષોના રૂપાંતરકાર્યમાં વ્યસ્ત હતા ત્યારે તેઓ જપ કરતાં. તેઓ કહેતાં કે જપ દ્વારા એમને રોજેરોજ નવીન આવિષ્કારો પ્રાપ્ત થાય છે. તેઓ જ્યારે જ્યારે મંત્રનો જપ કરતાં ત્યારે પ્રથમ તો આવાહનની કે પૂકારની, પરમાત્માના આવાહનની પ્રવૃત્તિ થતી, જેમાં તેમના દેહના તમામ કોષ જોડાઈ જતાં. બીજી પ્રવૃત્તિ સમર્પણની થતી. આવાહનના પ્રત્યુત્તર રૂપે એક ઉપસ્થિતિ નીચે ઊતરી આવતી. અને તેઓ શરીરના લાખો કોષોનું, એ ઉપસ્થિતિને સમર્પણ કરતાં. આ કોષો સમર્પણ કરવાને કેવાં તો કૂદી પડતાં એનું તેઓ વર્ણન કરતાં. અને ત્રીજી પ્રવૃત્તિ તાદાત્મ્યની થતી. આ કોષો પરમાત્મા સાથે એકરૂપ થયા પછી પૂકાર કે સમર્પણ કરનાર કોઈ અલગ હસ્તી રહેતી નહિ.

તેઓ જ્યારે જ્યારે મંત્રનો ઉચ્ચાર કરતાં ત્યારે ત્યારે, પછી તેઓ વાતમાં કે કોઈ કામકાજમાં પણ વ્યસ્ત હોય, આ ત્રિવિધ પ્રવૃત્તિ પણ સતત થતી રહેતી. જપની પ્રવૃત્તિ દરમિયાન થોડાંક સમય બાદ સ્થૂળ વાણી શાંત થઈ જાય છે અને અવાજ કર્યા વિના મંત્રનો ઉચ્ચાર થાય છે, જેને અજપાજપ કહે છે; તે થાય છે. હોઠ હાલે પણ અવાજ ન થાય. થોડી વાર બાદ એ પણ બંધ થઈ જાય છે અને તમે હૃદયમાંથી જપ ઉદ્‌ભવતો સાંભળો છો. શ્રી અરવિન્દ કહે છે કે આવું થાય ત્યારે આપણું અસ્તિત્વ જપમય બની જાય છે. તમે જપ કરતાં નથી, કેવળ જપનું શ્રવણ કરો છો.

હું સાધનાના આ પાસાંની એટલાં માટે રજૂઆત કરૂં છું કે તમે આ તબક્કે

ધ્યાન કરો ત્યારે કેટલાંય વિચારો તમને પજવતા હોય છે તેથી તમે એકાગ્ર બની શકતાં નથી. ઉપરાંત જીવનની જરૂરિયાતો પૂરી કરવાની પ્રવૃત્તિ તમારો ઘણો સમય માંગી લે છે. એ સ્થિતિનું જપ એક ઉત્તમ નિવારણ છે. આ જપ તમારી અંદર, તમારાં જીવનની પ્રવૃત્તિઓમાં તમને શ્રી માતાજીની હાજરી અને તેમનું સંરક્ષણ પૂરૂં પાડી શકે છે, જેથી તમે નિરંતર એમની હાજરીમાં અને એમનાં સંપર્કમાં રહી શકો છો.

***

શ્રી માતાજી દંતમંજન યા કોગળા કરતાં હોય કે પોતાના વાળ ધોતા યા ઓળતા હોય ત્યારે એ ક્રિયામાં પ્રભુ કેવો આનંદ લઈ રહ્યા છે તે જોતાં અને તેનું વર્ણન કરતાં. ઉમદા રીતે અને સભાનપણે કરાયેલું દૈનિક જીવનનું પ્રત્યેક કાર્ય એક પૂજાઅર્ચનાની ક્રિયા બની રહે છે. તમારે હંમેશા દીપ પ્રગટાવીને પ્રાર્થના કે પૂજાના ખંડમાં બેસી રહેવાનું નથી હોતું. તમે જે કાંઈ કરો તે ભાવનાપૂર્વક કરો તો એ તમારી શક્તિ પ્રભુ તરફ વળે એ માટેનો, પ્રભુ આ પૃથ્વી ઉપર તમારા દ્વારા અસ્તિત્વનો આનંદ માણે એ માટેનો અવસર બની રહે છે.

તમે આ બાબતની અવગણના કરી શકો નહિ. તેથી શ્રી માતાજી કોઈ કામ ઊડઝૂડીયું ન બને પણ કાળજી અને સભાનતાપૂર્વક થાય તેનો આગ્રહ રાખે છે. જેઓ પ્રકાશની, જ્ઞાન અને ઊર્ધ્વ જીવનની અભીપ્સા સેવે છે તેમણે આ નાની બાબતોથી આરંભ કરવો જોઈએ. આવતી કાલે તમે તમારા દિવસનો આરંભ કરોત્યારે યાદ રાખો. તમે વાસણ ધુઓ કે પગરખાંને પાલીસ કરો, કપડાંને ઈસ્ત્રી કરો કે ગેસનો સ્ટવ સળગાવો એ પ્રત્યેક કાર્ય અર્ચનાની ક્રિયા બની રહેવું જોઈએ. એ પ્રભુ સાથેની એકતાનો અવસર બની રહેવું જોઈએ. તમે આમ કરો ત્યારે સમગ્ર દિવસ તમારે માટે સાધના બની રહે છે.

સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ.૩૯-૪૪)

અવતરણો

1 This subtler layer is called..... the etheric body, the nervous envelop or aura. It is a subtle body and yet almost visible. In density something like the vibration that you see around a very hot and steaming object. It emanates from the physical body and closely covers it. P.39

2 It is a perfect protection against all possible attacks of illness. P.39

3 Peace and equanimity and confidence, faith in health, undisturbed repose and cheerfulness and bright gladness constitute this element in it and give it strength and substance.P.39

4 A bad suggestion acts very strongly upon it; a good suggestion..... with the same force.P.39

5 Depression and discouragement have a very adverse effect, they cut out holes in it, as it were, in its very stuff.P.39

6 Attacks of illness are attacks of the lower nature or of adverse forces taking advantage of some weakness, opening or response in the nature.P.40

7 Even when the attack seems to rise from within that means only that it has not been detected before it entered the subconscient.P.40

8 It can be stopped there in the (vital) envelop itself before it penetrates the material body.P.40

9 All physical things are the expression of the supraphysical.P.41

10 If we develop the inward physical consciousness we become aware of a subtle environmental physical atmosphere and can feel the forces of illness coming towards us through it.P.42

11 In the supramentalised body immunity from illness would be automatic, inherent in its new nature.P43

12 When it (force of illness) comes close, it has special taste, a special smell..... and it brings you a (sensation like) something that passes over your skin.P.43

આપણું સંરક્ષણ કવચ

પ્રકરણ - ૬

આપણું શરીર ત્રણ સ્તરનું બનેલું છે. સહુથી વધારે ઘનીભૂત ભાગ સ્વરૂપ ભૌતિક શરીર, તે શરીરમાં ઓતપ્રોત અને તેની ફરતે વિંટળાયએલું અને પ્રકાશવલય નિર્માણ કરતું સૂક્ષ્મ શરીર જે મનસ્તત્ત્વ, પ્રાણતત્ત્વ તથા સૂક્ષ્મ પાર્થિવ તત્ત્વનું બનેલું છે. તેને ઈથેરિક (આકાશીય) શરીર અથવા નર્વસ એન્વલપ અર્થાત્ નાડીજાળ કહે છે. આપણા શાસ્ત્રો તેને લિંગ શરીર કહે છે. લિંગનો અર્થ છે સૂચક ચિહ્ન. તેમાં આપણી આંતરિક જીવનમાંની સ્થિતિ, ભાવનાઓ વિચારોનાં સૂચક ચિહ્નો જોવા મળે છે, જે જોઈને યોગી તે વ્યક્તિના મનના વિચારો, ભાવનાઓ વાંચી શકે છે તેને પશ્યંતિ-ભાષા કહે છે. કારણ તે ચિહ્ન જોઈને જ તે સમજી શકાય છે. આ શરીર આપણા શરીર ફરતે ઝાલર જેવું દેખાય છે પણ તે સમગ્ર ભૌતિક શરીરમાં પણ ફેલાએલું હોય છે. તેનો આકાર આપણા ભૌતિક શરીર જેવો જ છે.

આવા સૂક્ષ્મ શરીર ફરતે એક અંડાકૃતિ તેજોવલય છે તેને શાસ્ત્રો કારણ-શરીર કહે છે. તેમાં આપણી દિવ્ય-ચેતના પ્રગટ થતી હોય છે. તે તેનો જ પ્રકાશ હોય છે.

માતાજી સૂક્ષ્મ શરીર વિષે વિગતો આપે છે. સૂક્ષ્મ શરીર અભ્યાસથી આપણે જોઈ શકીએ છીએ. તે ગરમ પદાર્થમાંથી નીકળતી વરાળ હોય એવી વરાળની લહેરો જેવું દેખાય છે. તે વરાળ જાણે ભૌતિક શરીરમાંથી નીકળતી હોય એવું લાગે છે. આ સૂક્ષ્મ શરીર સમર્થ અને સક્રિય હોય ત્યારે માંદગીના બધા જ હુમલાઓને ખાળી શકે છે.

આ સૂક્ષ્મ શરીર સમર્થ હોય છે ત્યારે તેમાં શાંતિ, સમતા, આત્મવિશ્વાસ, નિરામયતાનો પ્રચંડ વિશ્વાસ, ગંભીર આરામદાયક સ્થિતિ, ઉત્સાહ, આનંદ અને આંતરિક પ્રકાશનો સતત અખંડ અનુભવ થતો હોય છે. આ શરીર જો કોઈ ખરાબ, વિકારી સૂચન ગ્રહણ કરી લે તો તે નબળું પડવા માંડે છે અને વસ્તુઓને પોષકસૂચન તેની ક્ષમતા અને શક્તિમાં વધારો કરે છે. અવસાદ અને નિરુત્સાહ તેની ઉપર ખૂબ જ ખરાબ પરિણામ નિપજાવે છે. તે આ સૂક્ષ્મ શરીરના વણાટમાં જાણે છિદ્રો પાડે છે, તેના તંતુઓને નબળાં પાડે છે.

માંદગીના હુમલાઓ પણ આવું જ કરે છે. આપણી પ્રકૃતિના નિમ્ન અશુદ્ધભાગમાં જ્યારે વિરોધી બળો ખળભળાટ મચાવે છે, ઉશ્કેરાટ લાવે છે, ત્યારે આ સૂક્ષ્મ શરીરની સંરક્ષણ દીવાલ જાણે નબળી પડી જાય છે અને રોગજંતુઓ શરીરમાં પ્રવેશી રોગ નિર્માણ કરે છે. માનવની મનની, ચિત્તની વિકારી અવસ્થા - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરના આવેગો, આપણા સૂક્ષ્મ શરીરમાં અવરોધો રચે છે ત્યારે જ રોગો શરીરમાં પ્રવેશે છે.

શ્રી અરવિન્દ જણાવે છે કે આ ઉપર જણાવેલા વિકારો અંદર ચિત્તમાં નિર્માણ થતા આપણે અનુભવીએ છીએ પણ ખરેખર તેઓ બહારથી આંદોલનો સ્વરૂપે આવેલા હોય છે. પણ આપણી એકાગ્રતા અને સભાનતાના અભાવને કારણે તેઓ જાણ વગર ગુપચુપ પ્રવેશીને આપણી અવચેતનની ગુફાઓમાં સંતાઈ જાય છે અને ત્યાંથી આપણા સૂક્ષ્મ શરીરની સંરક્ષણ વ્યવસ્થા નબળી પડતાં જ ચિત્તમાં આવી પ્રગટ થાય છે.

આપણી એકાગ્રતા અખંડ હોય, સભાનતા સતત હોય, તો તેમને આપણે આપણા સૂક્ષ્મ શરીરમાં પ્રવેશતા જ જાણી લઈએ છીએ અને ત્યાંથી જ તેમને સંકલ્પબળે અને આંતરિક પ્રકાશને ત્યાં મોકલી બહાર હડસેલી દઈ શકીએ છીએ. આ પ્રક્રિયા ખૂબ જ વાસ્તવિક છે. તે કવિ-કલ્પના નથી. આમાં જો આપણે સફળ થઈએ તો રોગ થતો જ નથી.

આજના વૈજ્ઞાનિકો ભલે કહેતા હોય કે આપણા વિચારો, ભાવનાઓ એ મગજમાં ઊઠતા વિદ્યુત તરંગો સિવાય કાંઈ નથી, પણ સાચી હકીકત એ છે કે સર્વ ભૌતિક વસ્તુઓ એ અતિભૌતિક આત્મતત્ત્વનાં આવિર્ભાવો માત્ર છે.

જ્યારે આપણે આપણા સૂક્ષ્મ શરીરમાંની સમતા, શાંતિ, પ્રકાશ, નિરામયતા વગેરેનો આંતરિક રીતે સ્પષ્ટ રીતે અનુભવ કરતા હોઈએ છીએ ત્યારે આપણે આપણી પાર્થિવ-ચેતના વિષે સભાન છીએ એમ કહેવાય છે. ત્યારે આપણને ઉપરના વિકારોનાં આંદોલનો એક અવરોધરૂપ તરત જ જણાય છે. પણ આપણે પેલી શાંતિ સમતા વગેરેમાં સંકલ્પબળે સ્થિર થવાનો પ્રયત્ન કરતાં જ તે વિકારોનાં આંદોલનો કપૂરની જેમ ઓગળી જતા લાગે છે. હાલમાં આ શાંતિ, સમતાની પરિસ્થિતિ પ્રયત્નથી જાળવી રાખવી પડે છે. પણ ધીમે ધીમે તે સ્થાયી થશે ત્યારે તેને આપણે અતિમાનસિક તત્ત્વ સ્વરૂપે અનુભવશું, કારણ અતિમનસ દેહમાં નિરોગિતા એ સહજ અને મૂળભૂત સ્વભાવ બની ગએલો હશે.

રોગનાં આંદોલનોમાં મનોમય, પ્રાણમય તત્ત્વો એવાં હોય છે જે આપણા શરીરની સમતુલાને ખોરવી નાંખે છે. તેને કારણે જે નાડીતંત્રમાં બધિરતા આવે છે તે વિષાણુ અને રોગજંતુને કારણે છે એવું આજનું શાસ્ત્ર માને છે.

આપણી સભાનતા હજી પૂર્ણ વિકસિત થએલ નથી, કારણ આપણી ઇન્દ્રિયોની પૂર્ણક્ષમતા હજી આપણે વિકસાવી શક્યા નથી. જેમ જેમ તે વિકસશે તેમ તેમ આપણે વધારે ને વધારે સૂક્ષ્મ વસ્તુઓ અને પ્રક્રિયાઓ બાબત જાણતા થશું.

રોગનાં આંદોલનોનો વિશિષ્ટ સ્વાદ, તેના સ્પર્શનાં સંવેદનો તે નિર્માણ કરે છે. તેના ગંધમાં કોહવાટની વાસ હોય છે, તેનો સ્વાદ અરુચિકર લાગે છે. તે આપણી અંદર અને ત્વચામાં અસ્વસ્થતાનાં સંવેદનો જગાડે છે. કોઈક અઘટિત વસ્તુ બની રહી છે તેનો તાણ નિર્માણ કરે છે.

આવા તો અનંત આંદોલનો સમગ્ર વિશ્વમાં અને આપણી ફરતે ઘુમરીયા લેતા હોય છે.

સાધના કેન્દ્રનો હેતુ

(મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર - રાજકોટના સ્થાપનાદિન તા.૦૬.જુલાઈ નિમિત્તે)

- હર્ષદ ઠકરાર

કોઈપણ સાધકને સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે પોતે પોતાને ઘરે પૂજા, અર્ચના કરે છે તો પછી સાધના માટે સાધના કેન્દ્રમાં જવાની શું જરૂરિયાત છે ? શા માટે સ્વ-પ્રયત્નથી સાધના કરી શકે નહીં ?

એક મુઠ્ઠી જેટલું મીઠું સાધક પોતાના ઘરના માટલાના પાણીમાં નાખે તો માટલાનું સમગ્ર પાણી સ્વાદે ખારું થઈ જાય છે. પરંતુ તેટલું જ મીઠું પાણી પુરવઠો પૂરું પાડતા સરોવરમાં નાખવામાં આવે તો સરોવરના પાણીના સ્વાદમાં કશો ફેર પડતો નથી.

સાધકની અંદર રહેલા દોષો મીઠા સમાન છે. સાધક પોતાની મર્યાદિત શક્તિ દ્વારા પોતાનામાંથી દોષો દૂર કરી શકતો નથી. પરંતુ આ દોષો દૂર કરવા દિવ્ય શક્તિની મદદની જરૂરિયાત રહે છે, જે સાધકને સાધના કેન્દ્ર દ્વારા પ્રાપ્ત થાય છે.

સાધના કેન્દ્રમાં સાધક વ્યક્તિગત સ્વરૂપે સાધના કરતો નથી, પરંતુ સામૂહિક રીતે સાધના કરે છે. સાધક સમૂહમાં સાધના કરતો હોવાથી, જે રીતે મીઠું સરોવરના પાણીના સ્વાદને અસર કરતું નથી તે રીતે સાધકના દોષો સાધના કેન્દ્રના અન્ય સાધકો ઊર્ધ્વ ચેતનામાં રહેતા હોવાથી સાધના કેન્દ્રની સ્થાપિત ચેતનાને અસર કરી શકતા નથી. પરંતુ સામે પક્ષે સાધકમાં રહેલા દોષો દૂર થાય છે, જે દ્વારા સાધક સાધના કેન્દ્રના મૂળ પ્રવાહમાં ઓગળી જાય છે અને સાધકની અંદર દોષોના સ્થાને સદ્ગુણોની સ્થાપના થાય છે.

સાધના કેન્દ્રમાં સમૂહગત સાધના થતી હોવાથી સાધકની અંદર સ્વયંભૂ સહકારની ભાવના ઉદ્ભવે છે. તે દ્વારા સાધક બીજા સાધક સાથે હરીફાઈ કરતો નથી, પરંતુ બીજા સાધકો સાથે સહકાર સાધી પોતાની સાધનાને દૃઢ કરે છે. સાધક અન્ય સાધકોની ઊર્ધ્વ ચેતનાની મદદથી પોતાનામાં રહેલા દોષોથી મુક્ત થતો હોવાથી તે સાધના કેન્દ્રના વાતાવરણને સમૃદ્ધ કરવા મદદરૂપ પણ બને છે.

કોઈપણ ઘન પદાર્થનો ટુકડો લેવામાં આવે તો તેમાં કુલ છ બાજુઓ હોય છે. વ્યક્તિ તરફ જે બાજુ હોય છે તે બાજુ વ્યક્તિ જોઈ શકે છે. અન્ય પાંચ બાજુ જે વ્યક્તિ તરફ હોય છે તે પાંચ વ્યક્તિ પાસેથી તે બાજુની માહિતી મેળવી શકે છે. તે રીતે સાધના

કેન્દ્રમાં પણ પ્રત્યેક સાધક પોતાને થયેલ સાધનાની અનુભૂતિ વહેંચીને એકબીજાની સાધનામાં ઉમેરો કરી પરસ્પર સમૃદ્ધ બને છે.

બીજને બીજમાંથી વટવૃક્ષમાં રૂપાંતર પામવા માટે રક્ષણની જરૂરિયાત રહે છે. તે રીતે સાધકમાં બીજરૂપે રહેલ દિવ્યતાની ક્ષમતાને પ્રગટ થવા માટે સાધના કેન્દ્ર રક્ષણ પૂરું પાડે છે. જે રીતે વટવૃક્ષ પોતાના ફળો દ્વારા બાગને સમૃદ્ધ કરે છે તે રીતે સાધના કેન્દ્રમાં દિવ્યતા પ્રાપ્ત કરેલ સાધકો પણ સાધનાકેન્દ્રને સમૃદ્ધ કરે છે.

એક જ જમીનમાં જુદા જુદા પાકો લેવામાં આવે છે. જેમ કે શેરડી, પુષ્પો, તેલીબીયાં, અનાજ વગેરે. આ પાકોને પાકની જરૂરિયાત મુજબ જમીન પોષણ પૂરું પાડે છે. આ પોષણ દ્વારા પાકો પોતાની પ્રકૃતિના ગુણો મુજબ અભિવ્યક્ત થાય છે. જેમ કે શેરડી દ્વારા મીઠાશ, પુષ્પો દ્વારા સુરભી, અનાજ દ્વારા શરીરને પોષણ અને તેલીબીયાં દ્વારા તેલ. તે જ પ્રમાણે સાધના કેન્દ્રમાં આવતા સાધકો એક જ દિવ્ય ચેતનામાંથી પોષણ મેળવે છે, પરંતુ પ્રત્યેક સાધક પોતાના આત્મસ્વભાવ પ્રમાણે દિવ્યચેતનાને અભિવ્યક્ત કરે છે. કોઈ સાધક જ્ઞાન દ્વારા, કોઈ સાધક ભક્તિ દ્વારા અને કોઈ સાધક કર્મ દ્વારા દિવ્યતાને અભિવ્યક્ત કરે છે.

જે સાધક કર્મ દ્વારા દિવ્યચેતનાને અભિવ્યક્ત કરે છે, ત્યારે અન્ય સાધકોને તેમાં પ્રભુનું જ્ઞાન અને પ્રભુની ભક્તિ અનુભવાય છે.

જે સાધક જ્ઞાન દ્વારા દિવ્ય ચેતનાને અભિવ્યક્ત કરે છે ત્યારે અન્ય સાધકોને તેમાં પ્રભુની ભક્તિ અને પ્રભુનું કર્મ અનુભવાય છે.

જે સાધક ભક્તિ દ્વારા દિવ્ય ચેતનાને અભિવ્યક્ત કરે છે ત્યારે તેમાં અન્ય સાધકોને પ્રભુનું જ્ઞાન અને કર્મ અનુભવાય છે.

આજ ભાવનાથી પ્રત્યેક ધર્મમાં તેમની જરૂરિયાત મુજબ મંદિર, દેરાસર, મસ્જિદ, ગુરુદ્વાર, ચર્ચ વગેરે સ્થળોની સ્થાપના કરવામાં આવેલ છે. જ્યાં પ્રત્યેક સાધક ભિખારીરૂપે નહીં પરંતુ ચેતનાના વાહક તરીકે જાય એ જ ભાવના છુપાયેલી છે.

આપણે સૌ શ્રી માતાજી અને શ્રી અરવિન્દના શુદ્ધ અને આદર્શ વાહક અને બાળક બનવાની શક્તિ પ્રાપ્તિ માટે કટીબદ્ધ બની સાધના કેન્દ્રમાં પ્રવેશીએ એ જ કરુણામયી માને પ્રાર્થના.

ૐ શાંતિ શાંતિ શાંતિ.



શ્રી અરવિંદ

નૂતન ભારત શિલ્પકઃ, રાષ્ટ્ર - શિક્ષા નિર્દેશકઃ ।
પૂર્ણયોગ પ્રબોધકઃ, અતિમાનસ અવતારકઃ ॥

બુદ્ધ - અવતાર

પ્રશાંતિમાં સ્થિર રહે, મન, પ્રાણથી ઊર્ધ્વ,
વિચાર, વિકારોના પ્રવાહને, નિરખે એ બની સ્થિર.

શૂન્યાવકાશે ચેતના રહે, નિરાકાર અવિચળ,
તેથી આત્મ-અભાવ ગણે, નિર્વાણ સ્થિતિ નિર્મળ.

કરુણાના અવતારને, વિપશ્યનાનો ઘોષ,
વિરાગી જીવન જીવે, શાંત, સ્વરૂપ, નિર્દોષ.

એ બુદ્ધાવતાર ગણ્યો, અક્ષર બ્રહ્મે નિવાસ,
નિર્લેપ આકાશવત્ બને, શાંતમૂર્તિ સાક્ષાત્.

અંતે વજ્રયાન પંથે વળ્યાં, ધારે તનમાં હિરક-પ્રકાશ.
હિરાને વજ્ર ગણ્યો, મળે અવિચળતાનો લાભ.

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH